ભાલ નળકાંઠા પ્રયોગ
હીરક જયંતી પ્રકાશન
૭

# અનુભવની આંખે

ભાગ ત્રીજો

અંબુભાઈ શાહ

: પ્રકાશક :
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

ભાલ નળકાંઠા પ્રયોગ
હીરક જયંતી પ્રકાશન
૫

# અનુભવની આંખે

ભાગ ત્રીજો

અંબુભાઈ શાહ

: પ્રકાશક :
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

# અનુક્રમણિકા


પ્રકાશકીય ........................ અંબુભાઈ શાહ .............. ૩
શ્રેયોમાર્ગીની સાથે ટહેલતાં ........ યશવન્ત શુક્લ .............. ૫
૧. કૃષ્ણ આજે હોત તો ? (૧૬-૫-૧૯૯૦) ........................ ૯
૨. રોગનું મૂળ : ધન અને સત્તાની પૂજા (૧-૭-૧૯૯૦) ............ ૧૦
૩. શીર્ષાસનથી ચાલતો સમાજ (૧૬-૭-૧૯૯૦) .................... ૧૩
૪. સત્ય સ્વયંસંચાલિત કેમ નથી ? (૧-૯-૧૯૯૦) ................ ૧૫
૫. ગાંધીનો પડકાર ગાંધીને પગલે (૧-૧૦-૧૯૯૦) ................ ૧૯
૬. ન લઘુતાગ્રંથિ ન ગૌરવગ્રંથિ (૧૬-૧૦-૧૯૯૦) ................ ૨૨
૭. સુખની શોધ (૧-૧૨-૧૯૯૦) ................................ ૨૫
૮. ધારાગૃહોની અંદર પણ સત્તાની બહાર (૧-૧૨-૧૯૯૦) .......... ૨૭
૯. તપ કઈ રીતે કામ કરતું હશે ? (૧૬-૧-૧૯૯૨) ............... ૩૦
૧૦. સ્વરાજ્ય અને લોકશાહીમાં સત્યાગ્રહનું અભિનવસ્વરૂપ (૧-૧૨-૧૯૯૩) .. ૩૨
૧૧. સફળ શુદ્ધિપ્રયોગ - સાધનો અને કારણો (૧૬-૧૨-૧૯૯૩) ...... ૩૪
૧૨. ભૂતકાળમાં જિવાય નહીં, એનો બોધ લેવાય (૧-૧-૧૯૯૩) ...... ૩૭
૧૩. અપરાધભાવ અને અપરાધ (૧-૩-૧૯૯૩) ...................... ૩૯
૧૪. ભાલ-નળકાંઠા પ્રયોગ એ સાર્વજનિક મૂડી છે (૧૬-૪-૧૯૯૩) .... ૪૨
૧૫. અનુભવ છે : કલ્પના કે માન્યતા નથી (૧-૧૨-૧૯૯૪) .......... ૪૪
૧૬. સમાનતાનો આદર્શ અને વ્યવહાર (૧૬-૧૨-૧૯૯૪) ........... ૪૭



■ **પ્રકાશક** : **મનુ પંડિત**, મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૪.

■ **પ્રથમ આવૃત્તિ** : ઑક્ટોબર, ૧૯૯૮.

■ **નકલ** : એક હજાર

■ **કિંમત** : રૂપિયા પંદર

■ **મુદ્રક** : "પૂજા લેસર" એ-૨૧૫-૧૬, બીજે માળ, બીજી ટાવર્સ, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૪. ફોન : ૫૬૨૬૯૮૨

# પ્રકાશકીય

'વિશ્વવાત્સલ્ય' પાક્ષિક મુનિશ્રી સંતબાલજીના પ્રયોગનું વૈચારિક મુખપત્ર છે. ૫૦ વર્ષથી એકધારું નિયમિત પ્રગટ થતું રહ્યું છે. સમયપાલનની ચીવટ અને જાગૃતિ મુનિશ્રી પોતે રાખે. આટલાં વર્ષમાં ભાગ્યે જ આ પત્રને પ્રગટ થવામાં મોડું થયું હોય કે અંક પ્રગટ ન થયો હોય. દેશના કોઈ પણ ભાગમાં મુનિશ્રીનો વિહાર ચાલતો હોય પછી તે ઘર આંગણે ભાલમાં હોય કે અતિ દૂર ઓરિસ્સા, બંગાળ-કલકત્તામાં હોય - તેમના લેખો નિયમિત તારીખે અચૂક કાર્યાલયમાં પહોંચવાના જ !

આવા સામયિકના પ્રથમ પાનાનો લેખ લખવાની જવાબદારી અનાયાસ-આયાસની જેમ ૧૯૭૧ના જુલાઈથી મારે માથે આવી. પ્રયોગના અંગભૂત હોય એ સહજ આવી પડેલ કર્તવ્યથી ભાગે તો નહિ જ, પ્રસન્નતાથી વધાવી લેવાનું જ હોય. આવાં કામો માટે પાત્રતા-યોગ્યતાનો માપદંડ હોય તો જ, પણ મિત્રોનો સ્નેહ-સદ્ભાવ અને મુનિશ્રી પ્રત્યેનાં શ્રદ્ધાબળથી મારે તો એ વિચાર પણ કરવાપણું નહોતું. એમ છેલ્લાં ૨૫ વરસથી આ લખવાનું ચાલુ રહ્યું છે.

શિક્ષણ પ્રાથમિક શાળાંત, નોકરી, વેપારનું કાર્યક્ષેત્ર. સાહિત્ય, લેખન, વાચનની કોઈ ગતાગમ જ ન મળે. ૧૯૪૭થી પ્રયોગ-કાર્યમાં પલોટાવાનું શરૂ થયું. ગામડાંમાં સતત ફરવાનું. વાચન માટે એવો વખત પણ ન મળે. ગુજરાતી સામાન્ય ભણતર. એ સિવાય બીજી કોઈ ભાષાનો કક્કોય ન આવડે. આ બધી જ મર્યાદાઓ, પણ ગ્રામ સંગઠનની પ્રવૃત્તિ જ એવી કે જેમાં જીવતી કિતાબો ઢગલાબંધ વાંચવાની મળે. એની વિવિધતાનો તો પાર જ નહિ. સહેજે લોકોને મળવાનું થાય. એની વાતો સાંભળવાની મળે. અનેક જાતના પ્રશ્નો આવે. 'તુંકારો કર્યો તેના અપમાનથી માંડીને ભાઈએ ભાઈનું ખૂન કર્યું હોય તે પ્રશ્ન પણ આવે. શેઢા-પાળીના હકદાવાથી માંડીને સર્વોચ્ચ અદાલત અને સંસદમાં મિલકતના અધિકાર બંધારણીય લવાદની બાબતો પણ આવે. ગામના તલાટી અને સામાન્ય કાર્યકરથી માંડીને તે ચીફ સેક્રેટરી અને વડાપ્રધાન સુધી પહોંચવું પડે. પોંકની ચોરીથી માંડીને ડાકાયટી સુધીના કેસો અને તેના મુખ્ય સૂત્રધાર ખૂંખાર ધાડપાડુઓને મળવાનુંય આવે. ગણવા બેસીએ તો 'ગણ્યા ગણાય નહિ, વીણ્યા વિણાય નહિ તોય મારા આભલામાં માય'ના જેવું જ લોકસંપર્કનું બન્યું, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. લોકમાનસનું વાચન અને અભ્યાસ અને વાચનનો મોકો અનાયાસે જ મળી રહેતો. વળી આમ જીવતા-જિવાતા પુસ્તકોરૂપ માણસના વાચનને અને અભ્યાસ અવલોકનને પત્રથી કે રૂબરૂ મુનિશ્રી પાસે રજૂ કરવાનું પણ બનતું. મુનિશ્રી આ બધું અપાર

ધીરજ અને અથાગપણે બધું સાંભળે, વાંચે, ચિંતવે, તપાસે, મઠારે, સુધારે. ક્યારેક ટપારેય ખરા ! પણ આ બધું જ એવી સહજ રીતે થાય કે એવું કંઈક થાય છે એનો ખ્યાલ સરખોય, કોઈનેય ન આવે.

પ્રથમ પાનાના લેખો મનનીય છે અને એનું એક પુસ્તક પ્રગટ કરવું જોઈએ એવી કેટલાક મિત્રોની ઈચ્છા અને માગણી આવી. ભાઈ મનુભાઈ પંડિતે પણ આ વાતને પ્રોત્સાહન આપ્યું. અને તેમાંથી જે ચિંતનીય તેમને લાગ્યા તે અલગ તારવીને મને આપ્યા.

લેખો વાંચ્યા ત્યારે મને જ મનમાં એમ થયું કે - આ લેખ ખરેખર મેં લખ્યા છે ? સાનંદાશ્ચર્ય ઘણું થયું. ખબર નહિ, ભીતરમાં બેઠેલ કોઈ અંબુભાઈએ આ લખાવ્યું હશે !!

છપાયેલ લેખો શ્રી યશવન્તભાઈને આપ્યા. તેના પરના તેમના પ્રતિભાવો જાણવા માગ્યા. અતિવ્યસ્ત રહેવા છતાં એમણે ઉષ્માપૂર્વક મારી વિનંતી સ્વીકારી અને વાચકને ઉપયોગી થાય તેવી સુંદર પ્રસ્તાવના લખી આપી.

મનુભાઈએ આ પ્રસ્તાવના મને જોવા મોકલી, અને મારી પ્રસ્તાવના પણ માગી.

યશવન્તભાઈએ લખ્યું છે તે વાંચતાં વાંચતાં મનેય આશ્ચર્ય થતું આવ્યું કે આ લેખો તેમણે કહ્યું તેવા છે ? હો... ન... હો જે હો તે. દૃષ્ટિ તેવી સૃષ્ટિ દેખાય ! યશવન્તભાઈએ જોયા તે અંબુભાઈના બોતેર કોઠે દીવા યશવન્તભાઈને દેખાયા છે, પણ આ અંબુભાઈને એટલે કે મને તો એ દીવાને અજવાળે મારામાં હજુ જે અંધારું છે તે નજરે દેખાય છે.

યશવન્તભાઈ જેવા વિવેકશીલ વિદ્વાન વિવેચકના વિવેચનના વાદવિવાદમાં ભલે ન પડીએ, અને મારા લખાણોને માટે જાણે કે એમના હૃદયની બધી ઉષ્માથી અને પૂરા પ્રેમથી, શબ્દેશબ્દે પ્રશંસાનાં પુષ્પો ખોબલે ખોબલે વેર્યાં છે, ત્યારે મારે તો વાદવિવાદ કરવાનો સવાલ જ ન હોય, કેવળ કૃતજ્ઞભાવે એમના આ પ્રતિભાવ બદલ મારી પ્રસન્નતા વ્યક્ત કરીને, ચડેલા ઋણનો સ્વીકાર જ કરવાનો રહે છે.

ભાઈ મનુભાઈ પંડિતે પરિશ્રમ લઈ સંપાદન અને પ્રકાશન કાર્ય સુંદર-સરસ કર્યું છે તે બદલ તેમનો હાર્દિક આભાર માનું છું.

યશવંતભાઈએ કહ્યું છે તેમ મારા લેખોની ભાષા લોકસંપર્ક અને વહેવારમાંથી ઊગેલી છે. એમાં એટલું ઉમેરું કે, આ પ્રદેશની પ્રજા સાથે આત્મીયતાથી જે જીવંત સંપર્ક થયો, અને હજુય ચાલુ જ રહ્યો છે, એમાંથી યશવંતભાઈ કહે છે તેમ ભાષા

તો ઊગી, પણ અંબુભાઈની અંદર એક બીજા અંબુભાઈના નવા અવતારનો ફણગોય ઊગ્યો છે, પોષાયો પણ છે.

પુસ્તકમાંના મોટા ભાગના લેખો ભાલ નળકાંઠા લોકો પાસેથી જ લીધા છે, તેથી આ પુસ્તક અહીંની પ્રજાને જ અર્પણ કરીને ઋણમુક્ત તો નહીં બની શકાય, પણ કૃતજ્ઞભાવ પ્રગટ કરવા પૂરતું સમાધાન મળશે.

'અનુભવની આંખે' નામે લેખસંગ્રહનો પ્રથમ ભાગ ઑગસ્ટ ૧૯૮૬માં પ્રગટ થયો હતો. ભા.ન. પ્રયોગ હીરક જયંતી પ્રકાશન શ્રેણીમાં બીજો ભાગ ડિસેમ્બર ૧૯૯૭માં પ્રગટ થયો હતો. આ તેનો અનુગામી લેખસંગ્રહ છે.

**અંબુભાઈ શાહ**
મેનેજિંગ ટ્રસ્ટી,
ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ

❀ ❀ ❀

# શ્રેયોમાર્ગીની સાથે ટહેલતાં

મુનિશ્રી સંતબાલજીના શિષ્ય અને ભાલ નળકાંઠામાં આર્થિક-સામાજિક જાગૃતિ પ્રેરનાર રાષ્ટ્રહિતૈષી કાર્યકર અને સન્મિત્ર શ્રી અંબુભાઈ શાહે "વિશ્વવાત્સલ્ય"માં પ્રગટ કરેલા લેખોમાંથી વીણીને આ "અનુભવની આંખે" લેખસંગ્રહ પ્રગટ કર્યો છે તે અનેક શ્રેયાર્થી વાચકોને મનભાવતી વિચારસામગ્રી પૂરી પાડશે.

શ્રી અંબુભાઈને બોલેર કોઠે દીવા છે. એમની જાગ્રત જીવનસાધના છે. એમાં ક્યાંય ઉગ્રતા કે આક્રમકતા નથી. એને ધર્મની પીઠિકા અવશ્ય છે. પણ મુનિ સંતબાલજી, શ્રીમદ્ રાજચંદ્રજી અને મહાત્મા ગાંધીજીના વિચાર અને કાર્યના અભ્યાસી કાર્યકરે પોતાના ધર્મને સામ્પ્રદાયિકતાની જંજીરોમાંથી મુક્ત કર્યો છે. શ્રદ્ધાનો જે દોર લઈને તેઓ વાચકો પાસે જાય છે તેમાં અંગત માન્યતાઓની વ્યાપક ભૂમિકા તેમણે નજર સમક્ષ રાખેલી હોય છે.

એમનો આ ધર્મભાવ આ લેખસંગ્રહમાંની વિચારસમૃદ્ધિને અજવાળે છે, એથી જ સામાન્ય વ્યવહારો ઉપરાંત ઊંડી સમજદારીના પ્રશ્નો ચર્ચવા એ પ્રેરાયા છે.

અંબુભાઈ વિચારપ્રક્રિયાને રુંધનારા કે અધિકાર સ્થાપવામાં રસ ધરાવનારા આડંબરી ઉપદેષ્ટા નથી. સામાના વિચારને તેઓ આવકારે છે, એટલું જ નહીં, ઉત્તેજે પણ છે. અનુભવની આંખે ચઢેલા કેટલાયે વ્યવહારોનું - એમાંનાં કોઈક કોઈક કાલ્પનિક હોવાનો પણ સંભવ છે - એમણે પ્રસંગકથાઓ તરીકે આલંબન લઈને પોતાના વિચારોની માંડણી ચર્ચાપૂર્વક કરવાનું રાખ્યું છે. સામાનો વિચાર કે પ્રશ્ન કે મૂંઝવણ કે અસંગતિનો પણ સમજદારીપૂર્વક તેઓ ખ્યાલ આપે છે. એમાં પરખાતી વ્યાપક જગરીતિ પણ સમભાવથી એ સૂચવે છે. વિચારની સ્થાપનામાં ક્યાંયે આક્રોશ કે ઉગ્રતા કે મતાગ્રહ મુદ્દલ વરતાતા નથી અને તોયે સાત્ત્વિક જીવનમૂલ્યો ઉપર આવીને જ તેઓ વાતનો છેડો લાવે છે.

'અનુભવની આંખે'ના લેખક પોતે અનુભવાર્થી અને શ્રેયાર્થી છે તો જ પૂરી હમદર્દીથી તેઓ માનવજીવનના ઝીણા પ્રશ્નોનો તાગ લઈ શકે છે.

અંબુભાઈ પાસે એક હાથવગો 'મિત્ર' છે, જે અનેક સંદર્ભોમાં વિવિધ છટાઓથી પ્રગટ થાય છે. કેટલાયે સંવાદો 'મિત્ર' સાથેની ચર્ચારૂપે આ સંગ્રહમાં ઝિલાયા છે. એમાં એમની 'સમજણ' પ્રગટ થાય છે. આ સમજ તેમને સંતો, શાસ્ત્રો અને અનુભવીઓ પાસેથી મળેલી છે એ તો દેખીતું છે.

આ 'મિત્ર'ના નિમિત્તે અંબુભાઈએ એમની ને આપણા - સારાયે સંસારના - અટપટા પ્રશ્નો વિશે આત્મનિરીક્ષણ કર્યું છે. એમાંથી તેઓ બોધ પણ સારવે છે અને પ્રસંગ આવ્યે પ્રત્યક્ષ ઉપદેશ આપવાનું પણ ટાળતા નથી. પણ ક્યારેય ઊંચે બેસણે બેસીને ઉપદેશ આપતા નથી. એમની પદ્ધતિ વાચકને વિશ્વાસમાં લેવાની છે, એની બુદ્ધિ ક્રિયાવતી થાય એવાં નિમિત્તો-પ્રશ્નો ધરવાની છે. ઉપદેશ તો આખી યે વિચારચર્ચાનો કેવળ નિષ્કર્ષ હોય છે.

શ્રી અંબુભાઈ વિચારની સાફસૂફી કરવા મથનારા જાગ્રત સાધક હોવાથી શબ્દોને ખૂબ સાવચેતીથી પ્રયોજે છે અને નિરર્થક પ્રસ્તાર કરતા નથી. એમની ભાષા લોકસંપર્કમાંથી, વ્યવહારમાંથી ઊગેલી ભાષા હોવાથી રસાળ અને પ્રાસાદિક છે. એમની સાથે ટહેલતાં ટહેલતાં વિચારગોષ્ઠિ કરવાની અને વૃત્તિ અને વ્યવહાર ઉભયની શુદ્ધતા અને સમજ કેળવવાની લિજ્જત માણવા આ પુસ્તક ધ્યાનથી વાંચવાની અનુભવાર્થીઓને ખાસ ભલામણ કરીશ.

(૧૯૮૨) **યશવન્ત શુક્લ**

(પ્રથમ આવૃત્તિમાંથી ટૂંકાવીને)

# ૧ કૃષ્ણ આજે હોત તો ?

વિશ્વવાત્સલ્યના તા. ૧૬-૪-૯૦ન અંકમાં "રાજનીતિ વિષય પર ગોષ્ઠિ" મથાળા નીચે નોંધમાં "સાધન શુદ્ધિ" વિષે લખાયું છે એ બાબત એક મિત્રે અમારે માટે 'ચોખલિયાવેડા'નું વિશેષણ વાપરીને ઉપહાસભર્યા શબ્દોમાં અમારો જાણે ઉધડો લેતા હોય એમ તીખી ભાષામાં કહ્યું :

"તમે જ કાળકૂટ ઝેર કહેતા હતા. એ કૉંગ્રેસને હઠાવવા માટે "સાધન શુદ્ધિ" કામ જ ન લાગે ને ? એ તો "જેવાની સાથે તેવા"ની જેમ જે કોઈ સાધન પછી તે કૉંગ્રેસથી પણ સવાયું ખરાબ હોય તો પણ તેનો ઉપયોગ કરીને કૉંગ્રેસને તો હઠાવવી જ જોઈએ ને ?

ભગવાન કૃષ્ણ જેવાએ પણ કૌરવોને હરાવવા જૂઠ, છળકપટ, વિશ્વાસઘાત, હિંસા એમ બધાં જ સાધનો વાપર્યાં જ હતાં ને ? પાંડવોને જિતાડવા અને કૌરવોને હરાવવા હોય તો આવું બધું કરવું જ પડે ને ?"

આ મિત્રની જેમ જ માનનારા અને ગઈ ચૂંટણીમાં એ જ પ્રમાણે કરી બતાવ્યું છે એવા મિત્રો આ દેશમાં ઘણા છે.

આપણે સહુ મોટે ભાગે વ્યક્તિને અને તેના શબ્દોને અને તેણે તે કાળે વાપરેલા સાધનને પકડીએ છીએ. એ વાતને હજારો વરસ વીત્યાં હોય, દેશ, કાળ, પરિસ્થિતિ અને લોકમાનસમાં સાવ જ મૂળભૂત પરિવર્તન થયું હોય, છતાં પેલી જૂની વાતોને જ પકડીને વર્તમાનને મુલવીએ છીએ. અને એ જ પ્રમાણે વર્તમાનની સમસ્યાઓનું નિરાકરણ કરવા પ્રયાસ કરીએ છીએ.

મહાભારતકાળને ચોક્કસ કેટલાં વર્ષ થયાં એ ખબર નથી પણ સેંકડો કે હજારો વર્ષ થયાં છે એમ કહી શકાય.

આજે કૃષ્ણ હોત તો એ શું કરત એ વિષે કહેવાનો તો કશો જ અર્થ નથી. મિત્રની સમજણ મુજબ તો આજે પણ એ છળકપટ, વિશ્વાસઘાત, જૂઠ અને હિંસાનો આશરો લેત અને એવી સમજણથી જ આ મિત્ર કૉંગ્રેસને હઠાવવામાં અશુદ્ધ સાધનોનો ઉપયોગ થયો તેને વાજબી ઠેરવવાનો પ્રયાસ કરતા હોય એમ જણાય છે.

આ વિષે થોડું ચિંતન કરતાં પહેલાં એક ચોખવટ કરી લઈએ કે 'કાલકૂટ ઝેર'નો અમારો શબ્દપ્રયોગ કોઈ વ્યક્તિ કે સંસ્થાને ઉદ્દેશીને હતો જ નહિ. પરિસ્થિતિ

જ કાળકૂટ ઝેર જેવી બની છે. એમાં કોઈ એકને માથે દોષનો ટોપલો ઓઢાડવા જેવો નથી. ભ્રષ્ટ રાજકારણે એમાં અગ્ર ભાગ ભજવ્યો છે એ ખરું અને એમાં ઓછેવત્તે અંશે બધા જ સત્તાલક્ષી રાજકીય પક્ષો જવાબદાર છે. શાસક પક્ષ પાસે સત્તા હોઈ તે વધુ જવાબદાર છે. અમારું વિશેષણ અને વિશ્લેષણ આમ વસ્તુલક્ષી હતું.

આટલી ચોખવટ પછી હવે આગળ.

કૃષ્ણે એ કાળે, એ કાળની સામાજિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિમાં, અને સાંસ્કૃતિક પરંપરાઓ વચ્ચે જે કર્યું તે કર્યું. આજે એનું મૂલ્યાંકન આજના ધોરણે કરવામાં કૃષ્ણને ન્યાય નહિ આપી શકાય. એ જ રીતે આજની સમસ્યાઓનો ઉકેલ કૃષ્ણે અપનાવેલાં ધોરણોથી કરવા જતાં સમસ્યાઓ નહિ ઉકલી શકે. કારણ એ છે કે વચ્ચેના ગાળામાં ઘણું બધું બદલાઈ ગયું છે. એમાંના મુખ્ય બે પ્રવાહો જ જોઈએ.

એક પ્રવાહ બુદ્ધ અને મહાવીરનો.

બીજો પ્રવાહ ગાંધીજીનો.

મહાભારતમાં કૃષ્ણ ન હોત તો, અને કૃષ્ણે જે કર્યું તેવું કંઈ ન કર્યું હોત તો, વિજય અન્યાય અને અધર્મનો થાત. પણ અહીં સમજવાનું એ છે કે કૃષ્ણે જે કંઈ કર્યું તેમાં કૌરવ તરફ દ્વેષ નહોતો. પાંડવો તરફ રાગ નહોતો. કૃષ્ણયુગમાં અરાગ અને અદ્વેષથી અધર્મ અને અન્યાયનો નાશ કરવામાં સમાજ એથી આગળ જઈ શકે એવી સ્થિતિ નહોતી. દાદા ભીષ્મ, ગુરુ દ્રોણ, આચાર્ય કૃપાચાર્ય, દાનેશ્વરી કર્ણ કે મામા શલ્ય જેવા મહારથીઓ અને સમર્થ પુરુષો દુર્યોધન અને કૌરવોનો અન્યાય છે એમ જાણવા સમજવા છતાં પરંપરામાંથી છૂટી શકતા નથી. અને કૌરવોને સાથ આપવાનું છોડી શકતા નથી. દેશ આખો યુદ્ધની બે છાવણીઓમાં વહેંચાઈ જાય છે. અને એમાં પાંડવ પક્ષે માત્ર ૩૫ ટકા સૈન્ય જ લડવામાં સાથ આપે છે. ૬૫ ટકા કૌરવ પક્ષે રહીને લડે છે.

આ પરિસ્થિતિમાં કૃષ્ણે જે કંઈ કર્યું તે કરવા સિવાય ન્યાય અને ધર્મની સ્થાપના કરવા માટે બીજો ઈલાજ તે કાળે હતો જ નહિ.

જ્યારે આજે ?

બુદ્ધે અને મહાવીરે તપ, ત્યાગ, સંયમ અને સત્ય, અહિંસા મૈત્રી કે કરુણા જેવા ભાવજગતમાં પ્રવેશ કરીને જે ખેડાણ કર્યું છે અને તેને પરિણામે મન, ચિત્ત અને આત્માના ક્ષેત્રમાં જે સંશોધન થયું તેમ જ પ્રયોગો કરીને જગતને પણ પ્રતીતિ

થાય એ રીતે પ્રમાણભૂત અને બુદ્ધિગમ્ય અને વૈજ્ઞાનિક રીતે પુરાવા આપ્યા છે તે જગતભરમાં નવો જ પ્રકાશ પાડે છે. અને એના જ અનુસંધાનમાં ગાંધીજીએ જે સામુદાયિક રીતે સત્ય-અહિંસાના પ્રયોગો કર્યા અને સિદ્ધિ મેળવી એ પણ વિશ્વની નજર સામે છે જ.

અલબત્ત, અપૂર્ણ એવા આ જગતમાં સંપૂર્ણ એવું કોઈ જ નથી. એટલે પ્રયોગકારના મનમાં અરાગ અદ્વેષ હોય એવાં જ સમૂહમાં હોય એવું ન બને અને તેટલે અંશે શુદ્ધ સાધનનો સમૂહમાં ઉપયોગ કરવા જતાં ડાઘ લાગે એમ બને. પણ તેથી વર્તમાનકાળમાં પણ અશુદ્ધ સાધન જ કામ લાગે અને શુદ્ધ સાધન માત્ર હવાઈ કલ્પના જ છે એમ માની લેવું  તાજા ઈતિહાસને અને મહાભારતકાળથી આજ સુધીના ઈતિહાસને ભૂલી જવા જેવું જ ગણાય.

એક સરખામણી કરીએ : મહાભારતમાં કૌરવોનો અન્યાય અને આક્રમણખોર તે હોવા છતાં ૬૫ ટકા સૈન્યો અને લગભગ બધા જ મહારથીઓ કૌરવ પક્ષે હતા. આજે વિશ્વનો એક પણ દેશ પોતે આક્રમણખોર છે કે પોતાને પલ્લે અન્યાય છે એમ દેખાવ થવા દેવા પણ તૈયાર નથી. વિશ્વનો લોકમત કેવો તૈયાર છે ? અને મૂલ્યો કેવાં બદલાઈ ગયાં છે ? એનો આ પુરાવો છે.

એટલે ગાંધીયુગ પછી એક અનિષ્ટને કાઢવા સામે એટલા જ કે એવા જ કે સવાયા અનિષ્ટનો ઉપયોગ કરવાની જરૂર રહી નથી. ઈષ્ટથી અનિષ્ટ હટાવી શકાય છે એટલું જ નહિ, કોઈ વ્યક્તિ કે કોઈ સંસ્થા કે કોઈ રાષ્ટ્ર એકાંતિક નથી તો અનિષ્ટ, કે નથી તો ઈષ્ટ, સહુ પરિસ્થિતિ વશ છે. પરિસ્થિતિ બદલાતાં એ પણ બદલાતાં હોય છે. બ્રિટિશરો ૧૯૪૭ પહેલાં ભારતને મન કેવા હતા ? પણ ગાંધીએ ભેળસેળિયાં એવાં હાથવગાં શુદ્ધસાધન વાપરવાનો આગ્રહ રાખ્યો હતો અને મનમાં અરાગ અદ્વેષવૃત્તિથી ભારતે પણ કામ લીધું તો, આજે ૧૯૪૭ પછી બ્રિટન માટે ભારતના મનમાં અને બ્રિટનના મનમાં ભારત માટે કેવું માન પેદા થયું છે !

આવાં નક્કર પરિણામો જોયા જાણ્યા અનુભવ્યા પછી સાધનશુદ્ધિની વાત નર્યો આદર્શવાદ નથી, પણ તદ્દન વ્યવહારુ છે અને એ જ એક કાર્યસાધક બળ છે એમ માનવામાં જ વાસ્તવિક્તા છે.

તીથલના દરિયાકિનારે ગાંધીજી અને સંતબાલજીના ગુરુ પંડિત કવિવર્ય નાનચંદ્રજી મહારાજ ફરવા જતાં અનેક પ્રશ્નોની ચર્ચા કરતા હતા.

નાનચંદ્રજી મહારાજે ગાંધીજીને પૂછ્યું :

"સ્વરાજ મળતું હોય અને આપને થોડું અર્ધસત્ય કે અસત્ય જેવું (ધર્મરાજાનો દાખલો આપીને) બોલવાનું આવે તો આપ શું પસંદ કરો ?"

સહેજ પણ અટક્યા વગર ગાંધીજીએ કહ્યું હતું :

"સત્યના ભોગે સ્વરાજ પણ મને ખપતું નથી." મુનિશ્રી સંતબાલજી પાસેથી સાંભળેલી આ વાત મિત્રને કહ્યા પછી છેલ્લે ચર્ચાને અંતે મિત્રાને રમુજમાં કહ્યું :

કદાચ કૃષ્ણ આજે હોત તો એવાં જ સાધનોનો એ ઉપયોગ કરત ? અને ગાંધીજી મહાભારતકાળે હોત તો એ પાંડવોને વિજય અપાવી શકત ?

બંને પોતપોતાના કાળમાં અવતારી પુરુષ, યુગપુરુષ, પણ કૃષ્ણ એ જ રૂપે આજે આવે અને ગાંધી એ જ રૂપે મહાભારતકાળમાં પાછા જાય તો ?

જવાબ સહેલો નથી.

વિશ્વવાત્સલ્ય : તા. ૧૬-૫-૧૯૯૦

## ૨ રોગનું મૂળ : ધન અને સત્તાની પૂજા

ગામડામાં કહેવત છે : 'નાણા વગરનો નાથીયો અને નાણે નાથાભાઈ' એવી બીજી કહેવત છે : 'ઊતર્યો અમલદાર કોડીનો.'

આવાં સૂત્રોની પાછળ અનુભવનો નિચોડ હોય છે. ધન ન હોય ત્યારે લોકો તુંકારેથી બોલાવે અને પૈસા થાય કે તરત માનથી બોલાવે. એ જ રીતે સત્તા હોય ત્યારે એની પ્રશંસા કે ખુશામત થાય. સત્તામાં ન હોય ત્યારે એની કિંમત કોડીની અંકાય.

આની પાછળ આપણી જે વૃત્તિ કામ કરે છે, તે એમ સૂચવે છે કે, પૈસો એ જ પરમેશ્વર છે. અને સત્તા એ જ સર્વોપરી છે. માટે જેમની પાસે પૈસા અને સત્તા હોય એમને માન આદર આપવાં, એમને નમન કરવું, અને એમની પૂજા પણ કરવી. આમાં કોઈ વ્યક્તિનો સવાલ નથી. આપણામાં પડેલી પૈસા અને સત્તાની પૂજા કરવાની જે વૃત્તિ પડી છે એ આવું કરાવે છે.

શું ઘરમાં કે શું સમાજમાં, કે શું ધર્મસ્થાનોમાં, સર્વત્ર બોલબાલા પૈસા અને સત્તાની દેખાય છે. પૈસાથી સત્તા મેળવવી અને સત્તા વડે પૈસા મેળવવા. આમ ધન સત્તાનું પાકું ગઠબંધન જડબેસલાક થઈ ગયું છે. વિરલ વ્યક્તિઓને બાદ કરતાં

લોકમાનસમાં આ સંસ્કારે ઊંડી જડ નાખી છે. તક મળે તે મુજબ એ વૃત્તિ કામ કરતી જોવા મળે છે.

સામાજિક પ્રસંગ હોય કે ધાર્મિક પ્રસંગ હોય ધનિકને અને સત્તાધારીને પ્રસંગને અનુરૂપ એમનામાં યોગ્યતા હોય અને પ્રમુખસ્થાન અપાય તે તો હજુ પણ સમજાય પરંતુ એવી કશી સૂઝ સમજ કે યોગ્યતા ન હોય તો પણ એમને પ્રમુખસ્થાને કે મુખ્ય મહેમાનપદે બેસાડીને બહુમાન કરવામાં આવે છે. ગમે તેવા ખોટા રસ્તે મેળવેલા અનીતિના પૈસાનું દાન લઈને દાનેશ્વરીનો કે ધર્મધુરંધરનો ઈલ્કાબ અપાતો હોય છે. વધુ દુઃખદ અને કરુણ વિચિત્રતા એ જોવા મળે છે કે, દેરાસર મંદિર કે દેવળ-ઉપાશ્રય જેવાં ધર્મધ્યાન કરવાનાં સ્થાનોમાં અને સાધુસંતોના સાંનિધ્યમાં સહુની જાણમાં હોય કે આ દાન બિન હિસાબી નાણાનું છે તેમ છતાં એવું દાન આપનારની ત્યાં વાહવાહ થતી જોવા મળે છે.

પરિણામ એ આવે છે કે લોકો સાધુસંતોને પગે લાગે, પણ ચાલે છે પૈસાવાળા અને સત્તાવાળાઓની પાછળ. દેખીતી નજરે તો પૂજા કરે છે દેવમૂર્તિઓની, પણ મનની વૃત્તિમાં પૂજા થતી હોય છે ધન અને સત્તાની.

આ ધન અને સત્તાની પ્રતિષ્ઠા તૂટે નહિ અને નીતિ, પ્રમાણિક્તા અને ન્યાય જેવાં મૂલ્યોને પ્રતિષ્ઠા મળે નહિ ત્યાં સુધી લાખ પ્રયાસ કરીએ બધું ધૂળ ઉપર લીંપણ જેવું સમજવું.

આ માટેની પહેલ ધાર્મિક સ્તરે સાધુ સંતોએ, અને સામાજિક સ્તરે જાહેર મૂલ્યોમાં માનનારાઓએ કરવી જોઈએ. શરૂઆત બે ત્રણ રીતે કરી શકાય.

૧. બે હિસાબી નાણાંનું ધન સ્વીકારવું નહિ.

૨. સંસ્થા કે મકાનોની સાથે દાતાનું નામ જોડવું નહિ.

૩. સાર્વજનિક ટ્રસ્ટોમાં ધન કે સત્તાનો પ્રભાવ ન વધે અને સંસ્થા ધનિકો કે સત્તાધારીઓની આશ્રિત ન બની જાય એવી સાવધાની રાખવી.

આમાં કોઈનો અનાદર કરવાનો સવાલ જ નથી.

વળી ધનિકો કે સત્તાધારીઓ એ બધા શોષણખોર છે, અન્યાય કરનારા દુષ્ટ લોકો છે એવું યે નથી. જેમની પાસે ધન નથી અને આર્થિક રીતે ગરીબ છે કે જેમની પાસે સત્તાનાં કોઈ સ્થાનો નથી એવી વ્યક્તિઓમાં શોષણ કે અન્યાય કરવાની વૃત્તિ નથી એવું યે માનવાની જરૂર નથી. લગભગ સહુ પરિસ્થિતિવશ અને પરંપરા

પ્રથા કે પ્રણાલી વશ વર્તીને વ્યવહાર ચલાવતા હોય છે. અને ચીલાચાલુ રીત રસમો અપનાવતા હોય છે. અને અમુક તમુક માન્યતા ધરાવતા હોય છે.

દા.ત. મોટા ભાગના લોકો એવું માને છે કે ધાર્મિકોએ અગાઉ પુણ્ય કર્યું છે તેથી તે પુણ્યના ફળરૂપે ધન મેળવે છે અને ગરીબે અગાઉ પાપ કર્યું છે તેથી તે પાપના ફળરૂપે નિર્ધન રહ્યા છે.

સમાજ વ્યવસ્થામાં ખામી છે અને સત્તાનાં અને અર્થતંત્રનાં ચાવીરૂપ સ્થાનો જેમની પાસે છે તેમની ભૂલ ભરેલી નીતિઓને કારણે, મહેનત કરીને, ઉત્પાદન કરીને, સમાજનું પોષણ કરે છે તેને પેટ પૂર મળતું નથી અને તે ગરીબીમાં સબડે છે. અને જે મહેનત નથી કરતા સમાજનું પોષણ થાય એવું કશું ઉત્પાદન નથી કરતા એવા લોકો પાસે ધન એકઠું થતું જ જાય છે અને સત્તાનાં સ્થાનો એમને જ મળે છે. એવી ખામી ભરેલી સમાજની વ્યવસ્થા છે એનું આ પરિણામ છે એવો ખ્યાલ ભાગ્યે જ જોવા મળે છે.

જો કે આવી પાપ પુણ્યની કે પ્રારબ્ધવાદની માન્યતાઓ ધરાવતા વર્ગમાં હવે સાચી સમજણ આવતી જાય છે. પણ તેમ છતાં જૂની માન્યતાઓ અને આદતો એમ જલદી છૂટી શકતાં નથી. અને પ્રભાવ તો હજુ ધન અને સત્તાનો પડે જ છે. અને દિનપ્રતિદિન એ પ્રભાવની ભીંસ અને ભરડો વધતાં જ જાય છે.

આ સંજોગોમાં સમાજનું કલ્યાણ ઈચ્છનારા અને વ્યક્તિ તેમ જ સમાજનું મૂળભૂત પરિવર્તન કરવામાં માનનારા હોય એવા સાધુસંતો અને સેવકોએ તેમ જ બુદ્ધિનિષ્ઠોએ હવે ઓછામાં ઓછું ઉપર ત્રણ સૂચનો કર્યાં છે એવી શરૂઆત કરીને પ્રત્યક્ષ આચરણ દ્વારા પહેલ કરવી પડશે.

હવે માત્ર કોરો ઉપદેશ કે માત્ર રાહતની પ્રવૃત્તિ મૂળભૂત ફેરફાર નહિ કરાવે. આમ થતાં ઉપદેશ આપનારા અને સેવાની રાહતપ્રવૃત્તિ કરનારાઓ ભલે એ કામ કરે એમનો વિરોધ કરવાનીયે જરૂર નથી. કારણ કે એ પણ માન્યતા, આદત અને પરંપરા કે પરિસ્થિતિવશ જ વર્તે છે. મૂળમાં પ્રહાર કરવાની દિશામાં પ્રથમ પગલું ભરવા માટે પહેલ કરનારાઓએ ઉપર લખ્યું તેમ સક્રિય વ્યવહારુ પગલું ભરવું જ પડે.

વિશ્વવાત્સલ્ય : તા. ૧-૭-૧૯૯૦

# 3 શીર્ષાસનથી ચાલતો સમાજ

કોઈ માણસ પોતાના સ્વાસ્થ્ય માટે શીર્ષાસન કરતો હોય છે. માથું નીચે ધરતી પર, અને પગ ઊંચે. પણ તે થોડીવાર સુધી જ હોય. સ્વાસ્થ્ય સુધારવાની જરૂરી ક્રિયા છતાં શીર્ષાસનથી ચાલી શકાય નહિ. ચાલવાનો પ્રયત્ન કરીએ તો હાથના ટેકાથી કદાચ થોડાંક ડગલાં ભરી શકાશે, પણ તે કંઈ ચાલ્યા ન ગણાય. શીર્ષાસનથી ચાલવું એટલે ગતિહીનતા, સ્થગિતપણું.

માણસજાતે રાજ્યસત્તા કે શાસનનો સ્વીકાર સામાજિક સ્વાસ્થ્ય માટે કર્યો જ છે. સમાજમાં બધી વ્યક્તિઓ સ્વયંસૂઝથી સંયમથી વર્તે અને સમાજના હિતવિરુદ્ધ કંઈ જ ન કરે એવું નથી બનતું. તેથી સામાજિક સ્વાસ્થ્ય જાળવવા રાજ્યસત્તાની જરૂર સ્વીકારવામાં આવી છે. અને રાજ્યસત્તાનું છેવટનું બળ તો લશ્કર પોલીસ જેલ સજા, દંડ વગેરે છે. તપાસ કરીને, ન્યાયકોર્ટમાં અપરાધ સિદ્ધ કરીને, એનો ઉપયોગ થાય છે. આમ આ સત્તાબળ જરૂરી હોય ત્યારે એનો આશ્રય લેવામાં તો સમાજની સલામતી અને સુરક્ષા છે. પણ આજે હવે એ સ્થિતિ આવી છે કે રાજ્યસત્તા એ જ સર્વોપરી અને પાછું એકમાત્ર સર્વોપરી સત્તા બની બેઠી છે. આપણે લોકોએ એટલે કે સમાજે પણ સમાજના સ્વાસ્થ્ય માટે કેવળ રાજ્યસત્તાનો જ આશ્રય લેવા માંડ્યો છે. આજે સમાજ જાણે કે રાજ્યસત્તા વડે ચાલતો હોય એમ દેખાય છે.

સમાજને ચલાવનારાં, સમાજને ગતિશીલ રાખનારાં ચાર ચાલક પરિબળો છે. એમાં રાજ્યસત્તા એક પરિબળ અવશ્ય છે. પણ એનો નંબર તો સાવ છેલ્લો રહેવો જોઈએ. અનિવાર્ય હોય ત્યારે જ રાજ્યસત્તાનો આશ્રય લેવાવો જોઈએ. ચાર ચાલક પરિબળોમાં (૧) આધ્યાત્મિક (૨) નૈતિક (૩) સામાજિક અને (૪) શાસકીય.

સમાજનો મોટા ભાગનો વ્યવહાર તો લોકોમાં પડેલા શુભ સારપ વડે જ સરખી રીતે ચાલતો હોય છે. આ શુભ શક્તિને માર્ગદર્શન આપનાર તે અધ્યાત્મ. એટલે કે વ્યાપક સદ્ધર્મ - સત્ય અહિંસા અપરિગ્રહ સંયમ, ચોરી ન કરવી વગેરે - વ્યવહાર. આ બળ જ સમાજને સ્વસ્થ રાખી શકવામાં પ્રથમ નંબરે સક્રિય રહેવું જોઈએ આ થયું **માર્ગદર્શક બળ.**

**બીજું બળ તે નૈતિક બળ.** સમાજના રોજિંદા વ્યવહારમાં પ્રત્યક્ષપણે પ્રેરણા આપીને હૂંફ આપી શકે તેવું સ્વૈચ્છિકપણે સક્રિય કામ કરનાર સેવાભાવી બળ, જે સમાજસેવી સંસ્થાઓમાંથી મળી શકે. આ થયું પ્રેરક બળ.

**ત્રીજું બળ તે સામાજિક બળ.** લોકોનું ટોળું નહિ, પણ વ્યવસ્થિત, શિસ્તબદ્ધ, સંગઠિત અને ઘડાયેલો સમાજ. આ થયું પૂરક બળ.

આધ્યાત્મિક એવું માર્ગદર્શક બળ, નૈતિક એવું પ્રેરક બળ અને સામાજિક એવું પૂરક બળ પોતપોતાનું કર્તવ્ય, પોતપોતાના સ્થાને રહીને, પોતપોતાની મર્યાદાઓ સાચવીને બરાબર બજાવે તો પછી ચોથા બળ તરીકે રાજ્યસત્તાની જરૂર જ ન પડે.

પણ આજે સ્થિતિ એ છે કે, આ પ્રથમનાં ત્રણે બળો એકાંગી બન્યાં છે. સાચી દિશામાં સક્રિય નથી. ત્રણે વચ્ચે કોઈ સંકલન નથી. અનુબંધ નથી. એમની પાસે સમાજજીવનની સમસ્યાઓનો સાચો ઉકેલ કરવાનો કોઈ જ કાર્યક્રમ નથી. તે ત્રણે બળો જયાં છે ત્યાં ઊભાં છે. નિષ્ક્રિય છે, ગતિહીન છે, સ્થગિત છે.

પરિણામે એક માત્ર પગલાં ભરે છે રાજ્યસત્તા. જેને અંગ્રેજીમાં 'એક્શનપ્રોગ્રામ' કહેવામાં આવે છે તે 'પગલાં કાર્યક્રમ" માત્ર રાજ્યસત્તા પાસે છે. જે સમાજના તમામ વ્યવહારોને સ્પર્શ કરે છે. હસ્તક્ષેપથી નિયંત્રિત કરે છે. સમાજ સર્વાંશે સત્તાને આધીન હોય એમ જોવા મળે છે.

સમાજને ચાલવા માટે એને ગતિમાન રાખીને સ્વચ્છ રાખવા માટે અનિવાર્ય હોય તો જ અને સહુથી છેલ્લે જેનો ઉપયોગ સમાજને કરવાનો હતો, તે રાજ્યસત્તા સહુ પ્રથમ નંબરે આવી ગઈ. સમાજ એના વડે જ ચાલવાનો પ્રયાસ કરે છે. સાવ ઊંધું થયું. ચાલવાની શક્તિ જ નથી તે માથું જમીન પર છે. સમાજ શીર્ષાસનથી ચાલવાનો પ્રયાસ કરે છે. પરિણામે તે સ્થગિત અને બંધિયાર બનીને સડવા માંડ્યો છે.

અધ્યાત્મશક્તિ પરલોક કલ્યાણની વાત ભલે કરે પણ આ લોકના કલ્યાણની પ્રત્યક્ષ નજર સામે પડેલી સમસ્યાઓને અગ્રતા આપીને સક્રિયપણે કામ કરતી થાય. લોકજાગૃતિ અને લોકચેતનાનું કામ એ 'અધ્યાત્મ' જ છે એમ સમજે.

એ જ રીતે નૈતિક શક્તિ, રાહતની સેવાપ્રવૃત્તિ ભલે કરે પણ સમાજ પરિવર્તન સાચી દિશામાં થતું રહે અને એમાં બાધાજનક અસામાજિક તત્ત્વો હોય તેને દૂર કરવા લોકો સંગઠિત થાય અને તેમનું સંગઠન સ્વાર્થી ન બનતાં નૈતિક રહે તે માટે પ્રેરણારૂપ કામ કરે. સેવાનું રાહતકામ સમાજ પરિવર્તનમાં પલટાવું જોઈએ. એ જ સાચી સેવા છે એમ સમજે.

અને લોકો પોતાના પ્રશ્નોના ઉકેલ માટે રાજ્યને જરૂરી સત્તા ભલે આપે પણ રાજ્યસત્તાને આધીન ન બને. પોતે પોતાનામાં પડેલી શક્તિને ઓળખે, જાગે,

સંગઠિત બને. અને સક્રિય થાય લોકતંત્રમાં તંત્ર તો પાછળ પાછળ આવશે જ. પ્રથમ પગલું લોકોએ ભરવું જોઈએ. સાચી સત્તા લોકોની પોતાની છે. સરકાર તો આપણે આપેલી સત્તામાંથી બની છે. સર્વોપરી સત્તા સરકાર નથી. સમાજ છે એમ લોકો સમજે.

આમ થાય તો શીર્ષાસન જરૂરી હોય ત્યારે ભલે થાય. પણ કાયમ શીર્ષાસન રાખવાની જરૂર નથી. ધરતી પર તો પગ મૂકીને જ ચાલી શકાય.

જરૂર છે માર્ગદર્શક એવું અધ્યાત્મ બળ, પ્રેરક નૈતિક બળ અને પૂરક એવું સામાજિક બળ આ પાયાની વાત સમજે, એ ત્રણેનું સંકલન થાય. અનુબંધ જોડાય અને સક્રિય બને તેની.

વિશ્વવાત્સલ્ય : તા. ૧૬-૭-૧૯૯૦

# ૪ સત્ય સ્વયંસંચાલિત કેમ નથી ?

ધોળકાથી શ્રી દિનુભાઈ શુક્લ લખે છે :

**"મહારાજ શ્રી (સંતબાલજી)એ ગ્રામોત્થાન માટે અને ધર્મમય સમાજરચના માટે જે વિચારો જગતને આપ્યા છે તે ખરેખર સાચા જ છે. અને આ યુગ પૂરતા યોગ્ય ઠરાએલા છે. આ જ વિચારોને આ પહેલાં ઈશુ, બુદ્ધ, મહાવીર, ગાંધી વગેરેએ આપ્યા જ છે એમ હું સમજ્યો છું. જે વિચારો જ્યારે અપાયા ત્યારે તે યુગને અનુરૂપ અપાયા છે. તો વિચાર એ થાય છે કે, ફરીફરીને આ જ વિચારો માટે શા માટે કોઈ યુગપુરુષની જરૂર જગતને ઊભી થાય છે ? આ વિચારો સ્વયંસંચાલિત કેમ નથી બનતા ? રાગદ્વેષ, લોલુપતા, વેર-ઝેર આને માટે ક્યાંય શાળાની જરૂર પડતી નથી અને સત્કાર્ય કે સત્સમાજ ઊભો કરવા કેમ આમ કરવું પડે છે ?**

**મહારાજશ્રીએ આખી જિંદગી સુધી કાર્ય કર્યું. એ કાર્યની પાછળ એમનું જે આશ્વાસન છે તે બધાની મુલવણી કરીએ તો આપણે કયાં છીએ ? ખૂબ પ્રેમ ભાવે હું જયાં છું, તે જ સમાજના ઉંબરે ઊભા રહીને આ લખું છું. અને પૂ. મહારાજશ્રીના વિચારથી વેગળો ગણીને કે એમના પરની શ્રદ્ધાની મારામાં કોઈ ઊણપ છે તેવું ગણીને ન જોશો એ પ્રાર્થના."**

પત્રલેખકના ત્રણે પ્રશ્નો ચિંતન કરવા જેવા છે.

(૧) અસત્ વિચારો કે અસત્ કાર્ય માટે શાળાની જરૂર કેમ પડતી નથી ?

(૨) સત્યવિચાર પોતે સ્વયંસંચાલિત કેમ બનતો નથી ?

(૩) આપણે ક્યાં છીએ ?

સ્વયંસંચાલિત એક માત્ર કુદરતી તત્ત્વ છે. સૂર્ય, ચંદ્ર, વાયુ, જળ વગેરે એ પોતે જ પોતાની મેળે જ પોતાનો ધર્મ - કર્તવ્ય બજાવે જ છે. સહેજ પણ ચૂક વિના. કારણ એ શુદ્ધ છે, ભેળસેળ વિનાનાં કુદરતી જ.

પત્રલેખક તો વિશ્વના આપણા જેવા અપૂર્ણ માણસોના ભેળસેળિયા વ્યવહારમાં સત્ય સ્વયં કેમ કામ કરતું નથી એમ પ્રશ્ન કરે છે. એટલા માટે કે એ સત્ય અપૂર્ણ એવા માણસની અંદર પડેલું છે. જેના પર અનેક આવરણો અને મેલના થર બાઝી ગયા છે. તેથી તે આપોઆપ પ્રગટ થઈ શકે તેવી સ્થિતિમાં નથી. અને પ્રગટ કરવા માટે એના પરનાં પેલાં આવરણો અને મેલના થર દૂર થવા જોઈએ. અને શુદ્ધ અશુદ્ધની થયેલી ભેળસેળ દૂર કરી શુદ્ધિ કરવી જોઈએ. વ્યક્તિના અંદરના સત્યનો જગતમાંના વ્યાપક સત્યની સાથે અનુબંધ જોડવો જોઈએ. તો જ એમાંથી સત્ય વિચાર અને સત્યકાર્ય પરિણમે.

આમ તો આ વિષય વ્યાપક અને ગહન ચિંતનનો છે. પણ અહીં એની તત્ત્વચર્ચામાં ન જતાં બને તેટલા સાદા સરળ દાખલા અને ચર્ચાથી એને સમજવાનો પ્રયાસ કરીશું.

ચિંતન કરતાં પહેલાં એક સાદો દાખલો સમજી લઈએ.

આપણે એક ચાલતી મોટરને જોઈને કહીએ છીએ કે મોટર ચાલે છે. તો શું મોટર આપમેળે ચાલે છે ? ના પેટ્રોલ, એન્જિન, ડ્રાઈવર એમ ત્રણે પોતપોતાના યોગ્ય સ્થાને, સ્વસ્થપણે, ક્રિયાશીલ રહીને, કાર્યરત હોવાં જોઈએ. તો જ મોટરને ગતિ મળે અને ચાલે. વળી આ ત્યારે જ બને કે એ ત્રણેનું સંકલન, સંયોજન થાય. એમનો અનુબંધ જોડાય.

નીચેની બાબતો પણ ધ્યાનમાં રાખીએ.

માણસ માત્રમાં (૧) ભૂખ (૨) કામવાસના (૩) પરિગ્રહ અને (૪) ભય. આ ચાર સંજ્ઞા કે ખાસિયત કહો કે વૃત્તિ કહો, મૂળભૂત રીતે મનુષ્યદેહ સાથે જોડાયેલી છે. એથી જ આહાર મેળવવો, કામવાસના સંતોષવી, સંગ્રહ કરવો અને સલામતી શોધવી કે રક્ષણ કરવું. એમ પુરુષાર્થ કરવો પડે છે.

આ સિવાય દરેક મનુષ્યમાં ગુણ, દોષ કે સદ્‌વૃત્તિ-અસદ્‌વૃત્તિ છે. વળી ચેતન કહો કે આત્મા કહો એ તત્ત્વ તેમજ મન અને ઈન્દ્રિયોવાળુ શરીર પણ છે.

આટલી વસ્તુ છે એ ખ્યાલ રાખીએ ને હવે આગળ વધીએ.

માણસ માત્રનો મૂળ સ્વ-ભાવ સત્-શુભ હોવાથી એને સત્ય-શુભ ગમે છે. પણ અભ્યાસ કહો, સંસ્કાર કહો કે ટેવ-આદત કહો એની તાલીમના અભાવે આ ચેતન તત્ત્વ સુષુપ્ત છે, નિષ્ક્રિય છે, કાર્યરત નથી. એટલે શરીરની અંદર પડેલું એ ચેતન બુઝાયેલ રાખના ઢગલા નીચે તણખો પડ્યો હોય એમ પડી રહે છે. એને કોઈ પ્રબળ શુભ નિમિત્ત મળે તો એ તણખો વધુ પ્રકાશવાન બને. મન એનાથી પ્રભાવિત બનીને સત્કાર્યમાં ક્રિયાશીલ બને અને સત્કાર્ય પરિણમે.

જે સંસ્કાર છે તેને વશ બનીને મન પ્રવૃત્તિમાં ઈન્દ્રિયોને ક્રિયાશીલ કરે છે. અભ્યાસની તાલીમ મળી છે, વધુ પ્રમાણમાં પેલા દુર્ગુણોની-દોષોની એટલે પરિણામે અસત્કાર્ય વધુ થાય છે. નિમિત્ત મળતાં આપણામાં રહેલી રાગદ્વેષ વેરઝેર કે ભય લાલચની હીનવૃત્તિઓ પેલી ટેવને કારણે તરત જ કાર્યરત બનવા તત્પર બની જાય છે. એ વખતે આપણામાં રહેલું પેલું 'રૂક જાવ' શુભ-ચેતન-તત્ત્વ કદાચ ચેતવે પણ ખરું. અવાજ આવે આમ દ્વંદ્વયુદ્ધ તો ચાલે છે. પણ એની સામે આ અશુભ-અસદ્‌વૃત્તિનો જોરદાર હલ્લો એ અવાજને દબાવી દે છે. અને એનું કારણ કેવળ શરીર સુખથી જ મન ટેવાયેલું છે. અને શરીરસુખ માટે એટલે કે આહાર-કામ-સંગ્રહ અને સલામતી કે રક્ષણની સામગ્રી-સાધનોની કોઈ મર્યાદા રાખવા જેવો સંયમ મન રાખી શકવાને ટેવાયેલું નહિ હોવાથી એ બધું અમર્યાદિત પ્રમાણમાં વધારવાનો જ પુરુષાર્થ થાય છે. શરીર એ સાધન છે. એનું પોષણ, રક્ષણ, સંવર્ધન થવું જોઈએ. અને એ પૂરતું ઉપયોગી હોય એ બધી સાધનસામગ્રી મેળવવી જોઈએ. પણ ઉપયોગના હેતુથી નહિ, ઉપભોગ અને તે પણ અમર્યાદિત અને નિરંકુશપણે મેળવવાને તે પ્રવૃત્તિ કરે છે. આ તાલીમમાંથી સત્કાર્ય કે સત્સમાજનું નિર્માણ ક્યાંથી થાય ? સંસારના ચાલુ વ્યવહારમાંથી જ આ તાલીમ માણસને મળે છે. એટલે એને માટે જુદી શાળાની જરૂર નથી પડતી.

આ દ્વંદ્વયુદ્ધ વ્યક્તિમાં અને સમાજમાં સતત ચાલ્યા કરે છે. સભાનપણે કે અભાનપણે, પણ ચાલ્યા જ કરે છે. દુર્યોધને સભાનપણે આ અનુભવ કર્યો હતો. માટે તો એણે કહ્યું કે, 'ધર્મ શું છે એ હું જાણું છું. પણ તે આચરી શકતો નથી. અને અધર્મ શું છે એ પણ હું જાણું છું. પરંતુ તે છોડી શકતો નથી.'

આ દુર્યોધનવૃત્તિ ઓછેવત્તે અંશે માણસમાં રહેલી છે. વ્યક્તિ એ સમાજનું અંગ હોવાથી વ્યક્તિ જે કંઈ કરે તેની અસર સમાજ ઉપર થાય છે. અને સમાજમાં જે બને છે તેની અસર વ્યક્તિને પણ થાય છે. આમ સ્વ અને પર અથવા વ્યક્તિ અને સમાજ પરસ્પર સંકળાયેલાં છે. અને પરસ્પરથી પ્રભાવિત પણ છે. એથી

વિચારનો અને કાર્યનો પ્રચાર-પ્રચાર થઈ એક સામૂહિક વાતાવરણ બનતું જાય છે.

દેશ, કાળ, પરિસ્થિતિ પ્રમાણે એનો પ્રભાવ પડતો હોય છે. સામાન્ય રીતે સમધારણ તો કોઈ વખત અસત્યનું અધર્મનું પલ્લું નીચે નમે તો કોક વખત સત્યનું - ધર્મનું પલ્લું નમે. સત્યધર્મનું પલ્લું નમે તે યુગને સત્યુગ અને અસત્ય અથવા અધર્મનું પલ્લું નમે તે યુગને કલિયુગ કહી શકાય.

અધર્મનું પલ્લું વધારે પડતું નમે, એ સત્યધર્મને જ જોખમ થાય તેવું હોય ત્યારે એ વાતાવરણ જ, એ પરિસ્થિતિ જ સત્યાર્થી મનુષ્યને પકવે છે. કારણ મૂળ સત્તા કે શક્તિ તે મૂળ ધર્મની જ છે. ત્રણે કાળમાં સત્ય શાશ્વત છે. તેનું પ્રાગટ્ય સત્યાર્થી (સ્ત્રી-પુરુષ ગમે તે હોઈ શકે) મનુષ્ય દ્વારા થાય છે. એટલે જ કહ્યું છે કે, 'ધર્મ ધાર્મિકો (ધાર્મિક વ્યક્તિ) વિના ટકતો નથી.' આને આપણે અવતારી કોટિના પુરુષો કહીએ છીએ.

અહીં સમજવાનું એ છે કે, અવતારી પુરુષો કોઈ નવું સત્ય આપતા નથી. સત્ય તો છે તે જ છે. હતું, છે, અને રહેવાનું છે. તે ત્રણે કાળમાં એક જ છે. પણ અવતારી પુરુષોનું અવતાર કાર્ય એ ગણાય છે કે, યુગને અનુરૂપ દેશ, કાળ અને પરિસ્થિતિની જરૂરિયાત મુજબ એ સત્યને વ્યવહારમાં પ્રયોજે છે. જ્યાં જ્યાં સત્ય શુભ છે ત્યાં ત્યાં તેને જગાડે સક્રિય કરે, સમૂહમાં કામે લગાડીને કાર્યમાં પરિણમે. પરિણામે અધર્મનો પ્રભાવ દૂર થાય, ધર્મનો પ્રભાવ પ્રસ્થાપિત બને.

મતલબ વ્યક્તિમાં રહેલી ચેતનાનો સામાજિક ચેતના સાથે અનુબંધ જોડીને કાર્યાન્વિત કરવાનું કામ તો કરવાનું રહે જ. આપોઆપ સ્વયંસંચાલિત એ થતું નથી. આવું કામ કરનારનું નામ ગમે તે હોઈ શકે. દરેકની પરિભાષા, સાધન, અને માધ્યમમાં પણ દેશ કાળ પરિસ્થિતિ મુજબ વિવિધતા રહેવાની સત્ય અથવા ધર્મનું મૂળ તત્ત્વ એકજ હશે.

પત્રલખેકની છેલ્લી એક વાત.

આપણે ક્યાં છીએ ? એવો પ્રશ્ન છે. એનો સીધો સાદો જવાબ તો એ છે કે, આપણે દીવા નીચે ઊભા છીએ. દીવા નીચે તો અંધારું જ હોય ને ? અવતારી પુરુષ ધરતી પર રહીને જ પ્રકાશ ફેલાવે છે. સૂર્યની જેમ આકાશમાં રહીને નહિ. આપણે એ પ્રકાશવાન પુરુષની છાયા નીચે હોવાથી એ પ્રકાશમાં જેટલું મહાપુરુષ જોઈ શકે છે એટલું આપણે જોઈ શકતા નથી. અને તેથી જ અવતારી પુરુષની વિદાય પછી એક પ્રકારનો જાણે શૂન્યાવકાશ-ગેપ-ઊભો થાય છે. અવતારકાર્ય પૂરું થયા પછી, એ મહાપુરુષની હાજરીમાં પણ આવો ગેપ પડતો જોવા મળે છે.

કૃષ્ણનો દાખલો લઈએ.

ધર્મયુદ્ધમાં પાંડવોનો વિજય એટલે અન્યાયનું નિવારણ અને ન્યાયની સ્થાપના. કૃષ્ણનું એ યુગકાર્ય પૂરું થયું. પણ કૃષ્ણની હયાતીમાં જ યાદવાસ્થળી થઈ. કૃષ્ણની અનુપસ્થિતિમાં અર્જુનને કાબે લૂંટ્યો. ઈશુની હયાતીમાં જ, એના સાથીઓ પણ એને છોડી ગયા. તાજો દાખલો ગાંધીજીનો.

ભારતને ગુલામીમાંથી મુક્ત કરી સ્વતંત્ર બનાવવાનું યુગકાર્ય એમણે પૂરું કર્યું કે તરત એમને કહેવું પડ્યું છે કે, 'મારું કહેવું અરણ્ય રુદન છે. કોઈ સાંભળતું નથી' અને ગાંધીજીની વિદાય પછી તરત જ, ગાંધી વિચાર અને ગાંધીકાર્ય કેટલી ઝડપથી આપણે ભૂલી ગયા ?

આ બધું આપણને એમ કહે છે કે, આપણે જ્યાં ઊભા છીએ ત્યાંથી આ જોવા મળે તો તેને અસ્વાભાવિક અને આશ્ચર્યજનક ન ગણવું. સૃષ્ટિનો એ ક્રમ સમજીને ચાલવું, નિરાશ ન બનવું.

સંતબાલજીને પોતાના પ્રયોગકાર્યનું જે આશ્વાસન કે શ્રદ્ધા છે તેની પાછળ એમની કાર્યાનુભવની અનુભૂતિ છે. એમની જેમ જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યની મૂડી કે પ્રયોગકાર્યની જેને અનુભૂતિ કહીએ એવી અનુભૂતિ થયા વિના એમના જેવું આશ્વાસન કે શ્રદ્ધાબળ આપણામાં ન હોય એ તો દેખીતું જ છે. પણ તેથીસ્તો એવા સત્યાર્થીપુરુષોમાં જો આપણી શ્રદ્ધા છે તો, તેમનો આ પડકાર છે એમ ગણીને એને ઝીલવાની તૈયારી આપણે જ કરવી પડે ને ? અને એવા પુરુષાર્થ માટે તો આ મનુષ્યદેહ મળ્યો છે એમ નહિ ?

વિશ્વવાત્સલ્ય : તા. ૧-૯-૯૦

## ૫ ગાંધીનો પડકાર ગાંધીને પગલે

'વિશ્વવાત્સલ્ય'ના ગયા તા. ૧૬-૯-૯૦ના અંકમાં 'ગાંધીનો પડકાર છે : અન્યાય પ્રતિકાર' મથાળા નીચે લખાયેલ અગ્રલેખ વિષે મિત્રનું કહેવું છે :

અન્યાયનો વિરોધ તો લોકો કરે જ છે ને ! રોજ છાપામાં એવા કિસ્સા આવે જ છે. નથી વાંચતા ?'

મેં કહ્યું :

હા વાંચું છું. હડતાળ, બંધ, સભા, સરઘસ, સૂત્રોચાર પ્રચાર યાત્રાઓ, બહિષ્કાર, ઘેરાવ, રસ્તારોકો, બાન પકડવા, ત્રાસવાદ, આતંકવાદ વગેરે કાર્યક્રમો

અપાય છે. પોતે માનેલા અન્યાયનો પોતે આવી રીતો વડે વિરોધ કે પ્રતિકાર કરતા જ હોય છે.

પણ પરિણામ શું ? એ બધાં જ સાધનો છેવટે તો યુદ્ધ ભણી જ લઈ જાય છે ને ? દરેક વ્યક્તિ કે વર્ગ પોતે જ માને કે મને - અમને અન્યાય થયો છે. તે અમારે જ દૂર કરી અમને લાગે તેવો ન્યાય અમારે જ મેળવી લેવો છે. ગમે તેવી રીતે. ગમે તેવાં સાધનથી. બીજા ગમે તે માને. બીજાનું ગમે તે થાય. અમે માનેલા સત્ય મુજબ ન્યાય મેળવીને જ જંપીશું.

આવો અભિગમ છેવટે અશાંતિ અને યુદ્ધમાં જ પરિણમે.

પછી તે બાબરી મસ્જિદ અને રામ જન્મભૂમિનો વિવાદ હોય, કે ખાલીસ્તાન, કાશ્મીર, લંકા કે કુવૈતનો પ્રશ્ન હોય.

આ અનુભવમાંથી દેશ અને દુનિયા પસાર થઈ જ રહી છે. એ તમે પણ છાપામાં વાંચતા જ હશો ને ?'

મિત્રે કહ્યું :

"તો પછી અન્યાયનો પ્રતિકાર કોણ કરે અને કેવી રીતે કરે ?"

પ્રશ્ન વિચારવા જેવો, રીતની શોધનો અને પ્રયોગ કરીને અનુભવ મેળવવાનો છે. અને તો કંઈક જવાબ મળે પણ ખરો.

ગાંધી વિચારનો પડકાર ઝીલવાનો રસ્તો ગાંધીને પગલે ચાલીએ તો મળે. અલબત્ત, સ્થૂળ શબ્દોથી નહિ, ભાવથી.

સામાન્ય રીતે આપણે સ્થૂળને પકડતા હોઈએ છીએ. વ્યક્તિને શબ્દને સાધનને પદ્ધતિને પકડીએ છીએ. ગાંધીને પકડીએ છીએ એમના શબ્દો એ જ સાધન એ જ પદ્ધતિ. ગાંધીનું સ્થૂળ અનુકરણ.

અમારા નમ્ર અભિપ્રાયે બદલાયેલી પરિસ્થિતિમાં સ્થૂળ અનુકરણ નિરર્થક જ બને. ગાંધીકાળની બાહ્ય પરિસ્થિતિમાં જ નહિ, લોકમાનસમાં પણ શાશ્વત મૂલ્યો સિવાય યુગ જેટલું પરિવર્તન થઈ ગયું છે.

એટલે શાશ્વત મૂલ્યોને કેન્દ્રમાં રાખીને અન્યાય નિવારણ અને ન્યાયની સ્થાપના માટે ગાંધીની પરિભાષા, સાધનો કે પદ્ધતિનું અનુકરણ નહિ, પણ ગાંધીવિચારનાં ભાવનું અનુસંધાન રાખીને નવેસરથી વિચારવું જરૂરી છે. ગાંધી વિચારનો ભાવ બરાબર સમજી લેવાય તો દેશ, કાળ અને પરિસ્થિતિ મુજબ પરિભાષા પદ્ધતિ અને સાધનોમાં જરૂરી ફેરફાર કરવામાં હરકત ન હોવી જોઈએ.

ભાવ શું છે ?

અમારી સમજણ મુજબ આવું તારણ નીકળી શકે છે :

(૧) પ્રતિકાર અન્યાયનો કરવાનો છે. અન્યાય કરનાર વ્યક્તિ તો સંસ્કારવશ રૂઢિવશ, પરિસ્થિતિવશ નિમિત્ત બને છે. એટલે વિરોધ અન્યાય કરનાર વ્યક્તિનો નથી કરવાનો અન્યાયી વસ્તુનો કરવાનો છે. વ્યક્તિ માટે દ્વેષ તિરસ્કાર કે ધિક્કાર ન હોય. પ્રતિકાર કરનાર સામે વ્યક્તિ નહિ, વસ્તુ રહેવી જોઈએ.

(૨) પ્રતિકાર શાંતિમય અને અહિંસક હોય. અશાંતિ કે હિંસા પેદા ન થાય તેવા જ કાર્યક્રમ અપાય.

(૩) લોકશાહી કાનૂન અને બંધારણીય માર્ગો દ્વારા સમાજ પરિવર્તન કરવાનું ધ્યેય રાષ્ટ્રે સ્વીકાર્યું છે. તેથી કાનૂન અને બંધારણીય મર્યાદાનું પાલન કરીને અને કોઈપણ સંજોગોમાં એનું ઉલ્લંઘન ન થાય તેની સાવધાની રાખીને પ્રતિકાર કરવો જોઈએ.

(૪) સાધન શુદ્ધિનો આગ્રહ રાખવો જોઈએ. સાધ્ય પર સાધનની અસર થાય જ.

(૫) પ્રતિકાર ઘડાયેલી લોકશક્તિથી કરવો જોઈએ. મહોર છાપ માટે રાજ્યશાસનની જરૂર ખરી પણ તે સહુથી છેલ્લે આવે.

આ પાંચ પ્રકારમાં ક્યાંય બંધ, ઘેરાવ, હડતાલ, બહિષ્કાર, રસ્તારોકો કે નાગરિક જીવનમાં બાધા પહોંચે એવા કાર્યક્રમને સ્થાન નથી. સભા-સરઘસ બંધી કે ૧૪૪મી કલમ જેવાં નિયંત્રણોનો ભંગ કરીને ધરપકડ વહોરી લેવા જેવા કાર્યક્રમો આપીને સરકારના કાયદા અને વ્યવસ્થા તંત્રને માથે બોજો વધારવા જેવા કાર્યક્રમોને આમાં સ્થાન નથી. આર્થિક દંડ કે શારીરિક સજાને પણ સ્થાન નથી.

તો પછી શેને સ્થાન છે ?

ગાંધીજીએ અનુભવ સિદ્ધ પ્રયોગો દ્વારા ચિંધેલ છે તે પ્રાર્થના અને તપને.

મુનિશ્રી સંતબાલજીએ ગાંધીજીના પ્રયોગના અનુસંધાનમાં શરૂ કરેલા ભાલનળકાંઠા પ્રયોગમાં આને તપોમય પ્રાર્થનાના શુદ્ધિપ્રયોગને નામે ઓળખવામાં આવે છે. શુદ્ધિયજ્ઞ પણ કહેવાય છે.

ભારતીય પરંપરામાં સિદ્ધિ મેળવવા માટે યજ્ઞનું મહત્ત્વ છે જ. અશુદ્ધિના પ્રયોગો તો રોજ નજર સામે જ થતા હોય છે. અન્યાય, અનીતિ, કે ભ્રષ્ટાચાર જેવી

સામાજિક અશુદ્ધિને દૂર કરવાનો પ્રયાસ જો કરવો જ છે તો તે 'શુદ્ધિયજ્ઞ' દ્વારા કારગત થઈ શકે છે એવી અમારી પ્રયોગના અનુભવ પછીની શ્રદ્ધાની વાત વિષે મિત્રે આશ્ચર્ય સાથે ભારે નિરાશા વ્યક્ત કરતાં કહ્યું ;

"તમે તે કઈ દુનિયામાં રહો છો. પૈસાનેજ પરમેશ્વર માનતી આજની દુનિયામાં પ્રાર્થના સાંભળનાર ઈશ્વર જ ક્યાં છે ?"

મિત્રના કહેવામાં રહેલું તથ્ય સ્વીકાર્યા પછી અમારે એટલું જ કહેવાનું છે કે તે તથ્ય સંપૂર્ણ સત્ય બની જતું નથી. બધા જ માણસો પૂરેપૂરા એક માત્ર પૈસાને જ પરમેશ્વર માને છે એવું નથી. પૈસાને ગૌણ સ્થાન અપાતું હોય અને નૈતિક મૂલ્યોને મુખ્યસ્થાન અપાતું હોય એવી વ્યક્તિઓ છે જ. માણસ માત્ર શુભ અશુભનું મિશ્રણ છે. શુભ બળો જાગૃત થાય સક્રિય બને, અને સંગઠિત બનીને સમૂહમાં એમનો ઉપયોગ થાય તો પેલાં અશુભ બળો જોર ન કરે. અંકુશમાં આવે.

આ શુભની જાગૃતિ માટે પ્રાર્થના અને તપને સામાજિક સ્વરૂપ આપવાનો પ્રયાસ તે શુદ્ધિયજ્ઞ-શુદ્ધિપ્રયોગ.

ગાંધીજીએ એની શરૂઆત કરીને એક સડક તો તૈયાર કરી જ દીધી છે. એ સડક પર પગલાં પાડવાનો પુરુષાર્થ કરવો પડે. કોઈ એકનું આ કામ નથી. સંસ્થા સંગઠન દ્વારા આ કાર્યક્રમ હાથ ધરવો જોઈએ.

વિશ્વવાત્સલ્ય : તા. ૧-૧૦-૧૯૯૦

# ૬ ન લઘુતાગ્રંથિ, ન ગૌરવગ્રંથિ

**"માતૃજાતિ, ભારતીય ગામડું અહિંસક અને ધર્મમય સમાજ રચના માટેનાં મુખ્ય સાધનો નિર્ગ્રંથ સાધુને મળી રહેવાનાં. અને તે રીતે 'સંતબાલ' બહાર હોવા છતાં દરેક ફિરકાના સંપ્રદાયો-સાધુપુરુષો-કોંગ્રેસીજનો-ગામડાના ખેડૂતો-જનસેવકો અનેક જૈનેતરો-ઓલિયા-દેશભક્તો સૌ ધીરે ધીરે ભાલ નળકાંઠા પ્રયોગ સાથે વિશ્વલક્ષ્યે સંકલિતપણે કાર્યરત બનતા જાય છે."**

**ચિંચણી, ૧૯૭૯** **- સંતબાલ**

મુનિશ્રી સંતબાલજીના લખાણનો ઉપરનો ફકરો એક પત્રમાં ઉતારીને પછી ધોળકાથી શ્રી દિનુભાઈ શુક્લ લખે છે :

"અંબુભાઈ, આપણે બધાએ સંતબાલજીને અંધારામાં તો નથી રાખ્યાને ? તેમની આ શ્રદ્ધા શું સાચી છે ?" મારો આ પ્રશ્ન છે.

આને મારો અવિવેક ન ગણશો. પણ મહારાજશ્રીના આ વિચારને આપણે વિશ્વલક્ષ્યે પ્રગટ નહિ કરી શકીએ તો એક સાધુપુરુષને છેતર્યાનું આપણને સૌને પાપ લાગશે.''

પત્રલેખક ભાલનળકાંઠા પ્રયોગ પ્રવૃત્તિમાં વીસેક વર્ષ સુધા પ્રત્યક્ષ સક્રિય કાર્યરત હતા. હાલ ભલે એ રીતે પ્રત્યક્ષ નહિ પણ દિલથી તો જોડાયેલ છે. માટે તો પોતાની જાતને ભેળવીને આપણે લખ્યું છે. એમના પત્રમાં સંતબાલજીનું - પ્રયોગકાર્યનું અને પ્રયોગમાં કામ કરનારાઓનું એક રીતે મૂલ્યાંકન કહો કે જાતનું અવલોકન કહો એ કરવાનો નિર્દેશ છે. અને જિજ્ઞાસાવૃત્તિથી સમજવા માટેનો પ્રશ્ન છે એટલે આ સહચિંતન જાહેરમાં પ્રગટ કરવામાં કશું અનુચિત નથી.

પ્રથમ એ સમજી લઈએ કે નિર્ગ્રંથસાધુ કે સત્યાર્થી વ્યક્તિને જે શુદ્ધ અંતઃકરણમાંથી પ્રકાશ મળતો હોય છે અને એમનામાં માનવજાતમાં જે શ્રદ્ધા હોય છે તેમાં એમને માટે અંધારામાં રહેવાનો કે છેતરાવાનો સવાલ આવતો નથી. એવું બને ખરું કે એવા મહાપુરુષોની પાસે રહેલ કોઈક વ્યક્તિ પોતે એમને અંધારામાં રાખે છે અથવા છેતરે છે એમ પોતે માનતી હોય અને બેવફાઈ પણ થતી હોય પણ તેથી સત્યાર્થી પુરુષને નથી તો અંધારું નડતું કે નથી તો એમને છેતરાવાપણું. ખરેખર તો એવું કરનાર વ્યક્તિ જ અંધારામાં હોય છે અને છેતરનાર પોતે જ છેતરાય છે. નિર્ગ્રંથ સાધુ કે સત્યાર્થી પુરુષ તો પોતાની સાધનામાં શુદ્ધ અંતઃકરણ પ્રેર્યા પોતાના ધ્યેય તરફ આગળ ધપ્યે જ જાય. આવો અભિગમ અને વલણ હોય તે જ નિર્ગ્રંથ કે સત્યાર્થી બની શકે.

અને એ મહાપુરુષના વિચારને વ્યવહારમાં પ્રગટ અને પ્રત્યક્ષ ન કરી શકીએ. મતલબ વર્તમાનકાળમાં સાકાર ન થઈ શકે તો એનો એવો અર્થ નથી થતો કે એ મહાપુરુષને છેતર્યા છે. સામાન્ય રીતે આપણે પરિણામલક્ષી અને તૈયાર ફળ ખાનાર છીએ. પરિણામ કે ફળનો આધાર તો ઘણાં ઘણાં પરિબળો પર આધારિત છે. આપણા હાથમાં માત્ર પુરુષાર્થ છે. આપણી શક્તિ-મતિ મુજબ તે આપણે કરવો જોઈએ. એનો ન્યાયાધીશ તો બીજું કોણ બને ? આપણે જ આપણા ન્યાયાધીશ બનીએ જવાબ મળી રહેશે હવે મૂળ વાત પર આવીએ.

સંતબાલજીની સાધના ધર્મમય સમાજ રચના માટેની સ્વ પર કલ્યાણની વ્યક્તિગત અને સમાજગત સાધના હતી. એનાં સાધનોમાં એમણે ઉપરના લખાણમાં લખ્યું છે તેમ માતૃજાતિ, ગામડું અને જેને આપણે પછાતવર્ગ કહીએ છીએ તે એમના પ્રયોગમાં સહેજે જ મળી ગયાં હતાં. ત્યાર પછીનો મોટો પ્રશ્નાર્થ પત્રલેખકને

છે તે સંતબાલજીએ લખ્યું છે તેમ વિવિધ વર્તુળો કે પરિબળો 'વિશ્વલક્ષ્યે ભાલનળકાંઠા પ્રયોગ સાથે સંકલિત થયાં ? કાર્યરત બન્યાં ?''

એક રીતે આ હકીકતનો કે પ્રમાણ આપવાનો સવાલ છે. ધર્મમય કહો અહિંસક કહો કે શોષણ અને અન્યાયથી મુક્ત એવો સમાજ કહો. એવો સમાજ રચવામાં ગામડું, પછાતવર્ગ અને માતૃજાતિ એ ત્રણે અંગો કે જે સમાજને નવું સર્જન કરીને આપે છે અને જે ઉત્પાદન કરી આપે છે, તેનાથી સમાજનું પોષણ થાય છે, એવા શુદ્ધ આજીવિકાથી જીવતો આ વર્ગ સમાજમાં વધુમાં વધુ પાછળ રહી ગયો છે, અસ્પૃશ્ય અને તિરસ્કૃત બન્યો છે. છતાં એનું જીવન શ્રમ આધારિત અને કુદરતનિષ્ઠ રહી શક્યું છે. એટલે નવી રચના માટેની કાર્યક્ષમતા હજુ પણ એનામાં છે.

સંતબાલજીનું આ દર્શન હતું. એટલે ભાલનળકાંઠા પ્રયોગની શરૂઆત ૧૯૩૮માં થઈ ત્યારથી આ ત્રણ વર્ગને કેન્દ્રસ્થાને રાખ્યાં. ૫૩ વર્ષ એ વાતને થયાં. આજે સંતબાલજીની હયાતી નથી, પણ પ્રયોગ પાછળ આવી સ્પષ્ટ સમજણ હતી, જ્ઞાન હતું, દર્શન હતું. ચારિત્ર્ય નિર્માણ માટે પુરુષાર્થ પણ ત્યારથી આરંભાયો હતો. તો આજે સંતબાલને કે પ્રયોગને નામે નહિ, એના કહેવાથી પણ નહિ, પરંતુ પ્રયોગ જેને માટે મથતો હતો તે વાત આજે રાષ્ટ્રિય સપાટીએ એક નક્કર હકીકત બનીને ઊભી રહી છે.

ગામડાંનાં વ્યક્તિત્વનો સ્વીકાર થયો છે. કિસાન દશક તરીકે દશાબ્દિ વર્ષ ઓળખાશે.

સ્વાયત્તમહિલા પંચની રચનાનું બિલ લોકસભાએ પસાર કર્યું. પછાતવર્ગોને મળેલું અને મળતું જતું મહત્ત્વ.

હવે બીજા કેટલાક દાખલા જોઈએ :

- ખેતપેદાશની પોષણક્ષમ ભાવનીતિનો સ્વીકાર.
- રાષ્ટ્રિય કૃષિનીતિનો સ્વીકાર.
- બજેટના ૫૦ ટકા નાણાં ગામડાંના વિકાસ માટે ખર્ચ કરવાનો નિર્ણય.
- કામ કરવાના અધિકારનો સ્વીકાર.
- ટોચ મર્યાદામાં ખેતીની જેમ શહેરી આવકો માટે પણ માગ અને તકાજો.
- રાજકારણની શુદ્ધિ અને મૂલ્યનિષ્ઠ રાજકારણની માગ.
- અન્યાય પ્રતિકારની અહિંસક પ્રક્રિયામાં તપ, અને પ્રાર્થનાનો જોડાતો અનુબંધ.

- નાત, જાત, કોમ, જ્ઞાતિ, સંપ્રદાય, વર્ણનું નહીં, સમગ્ર અને વ્યાપક એવું ગ્રામસંગઠન.
- સ્વૈચ્છિકપણે સમાજ સેવી સંસ્થાઓના નૈતિક પ્રતિનિધિત્વથી લોકશાહીનું ઘડતર થઈને સમાજસેવામાં એનું પ્રભાવક પ્રદાન થાય એવું હવામાન.

આ બધા જ અંશો ભાલનળકાંઠા પ્રયોગમાં પ્રથમથી જ વણાયેલા છે. રાષ્ટ્રીય સ્તરે એનો ઉઠાવ થવામાં દેશના અનેક પરિબળોનો પુરુષાર્થ છે. એમની સાથે મુનિશ્રી અને ભાલ-નળકાંઠા પ્રયોગનો સંપર્ક પરિચય વિચારવિમર્શ થતાં જ રહ્યાં છે.

સાચી વાત ગમે ત્યાં, ગમે ત્યારે, ગમે તેની દ્વારા પ્રગટ થતી હોય, અને કરવા જેવું કામ સાકાર થતું હોય તો પછી બીજું શું જોઈએ ?

સંતબાલજીની શ્રદ્ધા પાછળ આવી અનાસક્તિ હતી. એમ કહીએ કે સંતબાલજીમાં અનાસક્તિ હતી માટે આવી શ્રદ્ધા હતી કે ભાલ નળકાંઠા પ્રયોગમાં રહેલાં અંશો વ્યાપક બનશે. જે કહીએ તે - ન લઘુતા સેવીએ ન ગૌરવગ્રંથિના અહંથી રાચીએ.

વિશ્વવાત્સલ્ય : તા. ૧૬-૧૦-૧૯૯૦

## ૭ સુખની શોધ

પેલી બાઈના જાણીતા દાખલાની જેમ આપણે પણ તે બાઈની જેમ જ કરતા હોઈએ છીએ.

ઘરના અંધારા ઓરડામાં ખોવાયેલી સોય, બાઈ ઘરની બહાર આંગણામાં અજવાળુ હોવાથી ત્યાં શોધતી હતી. એ બાઈ એવું કારણ આપતી હતી કે અજવાળામાં જ દેખાય. અંધારામાં ન દેખાય.

આમ બાઈને એ જાણકારી તો હતી કે ખોવાયેલી વસ્તુ અંધારામાં ન જડે. અજવાળામાં જ જડે.

પણ આ જ્ઞાન, જાણકારીનું, માહિતીનું, કે શબ્દનું જ્ઞાન હતું. જેને સાચી સમજણનું જ્ઞાન કહીએ તે જ્ઞાન નહોતું. વસ્તુ જોવા માટે પ્રકાશની જરૂર છે જ. પણ પ્રકાશ વસ્તુ જ્યાં પડી છે એ વસ્તુ પર પડતો હોય તો જ વસ્તુ દેખાય.

વળી વસ્તુ પર પ્રકાશ પડતો હોય પણ આપણી આંખમાં અંધાપો હોય તો પણ વસ્તુ ન દેખાય. એટલે જોવા માટે દૃષ્ટિ પણ જોઈએ.

અને ખૂબી એ છે કે, આપણે અંધારામાં ઊભા હોઈએ છતાં, વસ્તુ પર પ્રકાશ પડતો હોય, આપણી આંખે અંધાપો ન હોય, અને દૃષ્ટિ સાફ હોય તો, વસ્તુ સ્પષ્ટ જોઈ શકાય છે. ખરી રીતે પેલો પ્રકાશ જ આપણી આંખમાં પ્રવેશ કરીને પેલી વસ્તુ છતી કરે છે.

એટલે એ બાઈએ ખોવાયેલી સોય શોધવાને માટે બહારના આંગણાના અજવાળામાં આવવાની જરૂર ન હતી. પણ અંદરના ઓરડામાં અજવાળું કરવાની જરૂર હતી.

ભલે સૂરજનો પ્રકાશ ન આવતો હોય, વીજળી ન હોય, ફાનસ ન હોય અને એક કોડિયાનો દીવો પ્રગટાવ્યો હોત તો પણ એના પ્રકાશમાં સોય હાથ લાગત.

આમ વસ્તુ, પ્રકાશ અને આંખની દૃષ્ટિ એમ ત્રણેનું સંકલન-અનુબંધ થાય તો વસ્તુ દેખાય જ. જો કે ત્યાર પછી પણ તે ચીજ લેવા વાંકા વળવું પડે, શરીરને કામે લગાડવું પડે. પુરુષાર્થ કરવો પડે. તો જ ચીજ હાથમાં આવે. અને ઉપયોગ થઈ શકે.

પણ એટલું ખરું કે, વસ્તુ ખોવાઈ છે અને તે મેળવવી છે એનો ખ્યાલ તો સહુ પ્રથમ હોવો જોઈએ. સંકલન અનુબંધની વાત તો ત્યાર પછીથી આવે.

આટલી લાંબી પ્રસ્તાવના એટલા માટે લખી કે, આવી સાચી સમજણના, જ્ઞાનના અભાવે આપણે પણ સુખની શોધ માટે ફાંફાં માર્યા જ કરીએ છીએ. સુખ આપનારી કોઈક એક વસ્તુ છે, એ ખોવાઈ ગઈ છે, અને એને જ શોધવી જોઈએ એ જ આપણે ભૂલી ગયા છીએ.

પેલી બાઈને સોય ખોવાઈ છે એટલી ખબર તો હતી જ. આપણને તો શું ખોવાયું છે એય ખબર નથી. વળી ખોવાયેલી કે જોઈતી વસ્તુ પડી છે ક્યાંક, શોધીએ છીએ ક્યાંક બીજે. મળે ક્યાંથી ?

નથી મળતી એટલે દોષ બીજાને આપીએ છીએ. આણે મારું સુખ છીનવી લીધું. ફલાણે અમને દુઃખ આપ્યું. એમ દોષનો ટોપલો બીજાને માથે ઓઢાડતા હોઈએ છીએ. શોધ સુખની છે. પુરુષાર્થ દુઃખ મેળવવાનો છે.

આપણે સુખ મેળવવા પુરુષાર્થ કરીએ જ છીએ. પણ કયું સુખ ?

સ્થૂળ ઈન્દ્રિયોનું, જે ક્ષણિક છે. અલબત્ સ્વાદ, સૌંદર્ય, સુગંધ, સંગીત અને સ્પર્શ એમ શરીરનાં સુખોની પણ જરૂર તો આ દેહ છે ત્યાં સુધી રહેવાની અને વિવેકપૂર્વક એ સુખનો ઉપયોગ છે જ. પણ આ ઈંદ્રિયજન્ય સુખ ટકાઉ નથી.

કાયમી નથી. શાશ્વત નથી. આ સુખ સિવાય ટકાઉ, કાયમી અને શાશ્વત સુખ પણ છે એનું આપણને ભાન કે જાણકારી જ નથી. મતલબ જ્ઞાન નથી.

પછી એ સુખને જોવાની તો વાત જ ક્યાં કરવી ?

મતલબ દર્શન નથી. આવા સ્થૂળ જ્ઞાન, દર્શનના અભાવમાં એ સુખ મેળવવાનો પુરુષાર્થ કરવાની તો કલ્પના પણ ક્યાંથી આવે ? મતલબ પુરુષાર્થ વિના ચારિત્ર્ય ઘડતર થાય ક્યાંથી ? એટલે ચારિત્ર્ય પણ નથી.

જે પુરુષોએ આવા શાશ્વત સુખનો આનંદ અનુભવ્યો છે એમનું જ્ઞાન છે, દર્શન છે. અને પુરુષાર્થ કરીને ચારિત્ર્ય પણ પોતાનું ઘડ્યું છે. એવા વિરલ પુરુષોનું કહેવું છે કે, આવું શાશ્વત સુખ દરેક મનુષ્ય પામી શકે છે. એ માટે માણસે પોતાની અંદર જ શોધ કરવાની છે. એ સુખ બહાર નથી. બહારથી કોઈ આપી શકતું નથી. અંદર પ્રકાશ છે જ. એ પ્રકાશમાં સુખ જોઈ શકીએ. જો અંતર દૃષ્ટિ ઉઘાડીએ તો. અંતરદૃષ્ટિ અને પ્રકાશની વચ્ચે આવરણ હોય તો તે હટાવવાનો પુરુષાર્થ પણ આપણે જ કરવો પડે.

બીજા એમાં નિમિત્ત બનીને મદદરૂપ બને એટલું જ. પણ વસ્તુને પામવાનો પુરુષાર્થ તો આપણે જ કરવો પડે.

વિશ્વવાત્સલ્ય : તા. ૧-૧૨-૧૯૯૦

## ૮ ધારાગૃહોની અંદર પણ સત્તાની બહાર

[નોંધ : ગાંધી વિચારનો એક રાજકીય પક્ષ બનાવવાની ગાંધીજનોની જવાબદારી અને ફરજ છે એવું પત્રલેખક ભાઈ નવીન મહેતા ઘણા વખતથી કહ્યા કરે છે. નિરાગ્રહી વૃત્તિથી પ્રસંગોપાત લખે પણ છે. એમના પત્રમાં એ જ રજૂઆત છે.]

ભાલ નળકાંઠા પ્રયોગ પ્રવૃત્તિમાં કામ કરનારા અમે કંઈ 'ગાંધીજન' હોવાનો દાવો તો ન કરી શકીએ. મુનિ શ્રી સંતબાલજી ભાલનળકાંઠા પ્રયોગને ગાંધી પ્રયોગોના અનુસંધાનનો અને ગાંધી પ્રયોગોને આગળ લઈ જનારો પ્રયોગ છે એવું ભારપૂર્વક કહેતા.

આ અન્વયે ભાલ નળકાંઠામાં જે કામ થયું અને તેમાં જે કાર્યાનુભવ મળ્યો એને આધારે ૧૯૮૯-૯૦ની સામાન્ય ચૂંટણી વેળાના એક વર્ષ પહેલાંથી ભાલ નળકાંઠા વિસ્તારમાં પૂરા એક વર્ષ સુધી સતત અને લગાતાર કામ કર્યું. ભલે એક પણ ઉમેદવાર ન ઊભો રહ્યો, અને પરિણામ શૂન્ય આવ્યું. પણ એ ચૂંટણી પછીના

એક વર્ષના અનુભવે એ વસ્તુ સાબિત કરી આપી છે કે, આજનો એક પણ રાજકીયપક્ષ એકલો કે બીજા પક્ષોની સાથે જોડાણ કે સમજૂતી કરીને પણ દેશની સમસ્યાઓ કેવળ રાજ્ય સત્તાના બળથી ઉકેલી શકે તેવી સ્થિતિ રહી જ નથી.

આ વાત ઢોલનગારાં વગાડીને ભાલ નળકાંઠા પ્રયોગે એક વર્ષ સુધીના લોકશાહી સુરક્ષા અભિયાનમાં કરી જ હતી. સત્તાપલટાના આ એક વર્ષમાં રાજકીય પક્ષોની સ્થિતિ તો એથીયે વધુ બદતર બની છે.

આ સંજોગોમાં ચૂંટણી જ્યારે આવે ત્યારે, ચાર કે બાર મહિનામાં મધ્યાવધિ આવે કે ચાર વર્ષે અવધિ પૂરી થયે આવે, અમારી દૃષ્ટિએ તો આ એક જ ઈલાજ અજમાવવા જેવો છે, ધારાગૃહોમાં જાય પણ સત્તાની બહાર રહે એવા દસેક ટકા મૂલ્યનિષ્ઠ લોકપ્રતિનિધિઓને ધારાગૃહોમાં ચૂંટાવીને મોકલી આપવા. એમનો રાજકીય પક્ષ બનાવવો નહિ.

રાજકીય પક્ષોનો ચૂંટાયા પછી બહુમતી ન મળે તો બહારથી ટેકો આપવાનો અને બરારનો ટેકો લઈ સરકારો બનાવવાનો, કે સરકારો ઉથલાવવાનો પ્રયોગ તો આજે ચાલી રહ્યો છે. આમ ટેકાના સહારે બનતી અને ચાલતી સરકારોની મુદત ટૂંકી-લાંબી જે કંઈ રહેવાની હોય તે રહે, પણ એનાથી રાષ્ટ્રીય સમસ્યાઓ ઊકલી જવાની નથી. ઊલટું વધુ ગુંચવાશે. કારણ ટેકો લેનાર, ટેકો દેનાર, અને તે સિવાયના વિરોધ પક્ષો કે અપક્ષો આદર્શોના વાઘા ભલે પહેરે, એ સહુની નજર એકમાત્ર સત્તા મેળવવાની, અને હોય તો તેને ટકાવવાની છે. સત્તા એમને મન સાધન નથી સાધ્ય છે.

'રામનામની લૂંટ હૈ, લૂંટ સકે તો લૂંટ'

એને બદલે અત્યારે તો -

'ધનસત્તાની લૂંટ હૈ, લૂંટ સકે તો લૂંટ'ની જેમ વિરલ વ્યક્તિઓના અપવાદ સિવાય સહુ જાણે લૂંટવામાં ન પડ્યા હોય ? એવું વાતાવરણ જોવા મળે છે.

અને છતાં, "કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે"ની જેમ કહેવું જોઈએ કે આશાનો એક તાંતણો બચ્યો છે તેને સહારે વૈતરણી પાર કરીને વૈકુંઠમાં પહોંચાશે.

આશાનો બચેલો તાંતણો તે ચૂંટણી. એક વર્ષ પહેલાં સત્તાપલટો થયો. માથાં કાપીને નહિ પણ આમ માથાં ગણીને સત્તા પલટવાની વાત છે એ મોટી આશા છે. આ ચૂંટણીનો ઉપયોગ સત્તા મેળવવા કે ટકાવવા માટે નહિ, સત્તાને અંકુશમાં રાખવા માટે થાય અને એને માટે ગાંધી વિચારમાં માનવાવાળા લોકો

સાથે મળીને પુરુષાર્થ કરે તો એ હજુ પણ કરવા જેવું કામ છે એમ અમને હજુ પણ લાગે છે. આ માટે રાજકીયપક્ષ બનાવવાની જરૂર નથી. ધારાગૃહોની કુલ સંખ્યાના ૧૦ ટકા જેટલી જ જગ્યાઓ માટે લોકશાહી સુરક્ષા મંચ જેવું રાજકીય પરિબળ ઊભું કરવું જોઈએ.

આવા રાજકીય પરિબળની ભૂમિકા વિષે વિસ્તારથી 'વિશ્વવાત્સલ્ય' અને 'પ્રયોગદર્શન'માં ગયા વર્ષના અભિયાનમાં કહેવાયું જ છે. એટલે અહીં એ લખવાની જરૂર નથી.

દરેકને પોતપોતાના સંજોગોની મર્યાદા, રસરુચિ, ઉંમર, અને સ્વાસ્થ્ય વગેરેની મર્યાદાઓ તો હોય છે જ, અને રહેવાની. પણ વિચારોમાં સફાઈ હોય અને શ્રદ્ધાનું બળ હોય તો આત્મવિશ્વાસે પોતપોતાના સ્થાને રહીને પણ જે થાય તે કાર્ય કરતા રહીને સ્વકર્તવ્ય બજાવ્યાનું સમાધાન મેળવવાનું તો આપણા હાથમાં જ છે.

: ૨ :

**"આવા કપરા દેશના સંયોગો, વિશ્વના સંયોગો વગેરેમાં આપણે ને આપણી સંસ્થાઓ શું કરી શકે, તે અને 'ગાંધીના પડકાર' નિમિત્તે આપણા ક્ષેત્રમાં, ગુજરાતમાં લોકકેળવણીનું ઠીક કામ થશે. પણ ગાંધીજી અને સંતબાલની પદ્ધતિ કોરા સ્વાધ્યાયના પ્રચાર કરતાં થોડી અનેરી અને અનોખી હતી. પ્રજાને સ્પર્શતો પ્રશ્ન લેવો, તેના પર પ્રજાનું ધ્યાન કેન્દ્રિત કરી જ્યાં સમસ્યા કઠતી હોય ત્યાંથી તેને ઉકેલવા પ્રયત્ન કરવો. સમસ્યા ઉકેલતાં ઉકેલતાં ઊભા થતા પ્રશ્નોને પડકાર દ્વારા જ એનું શિક્ષણ ને ઘડતર થયા કરે. પ્રમેયને પાઠ-પદ્ધતિ કરતાં પ્રયોગ પદ્ધતિ જુદી છે જે તમોએ લાંબો પ્રશ્ન (પાંચહજારની લાંચવાળી ઘટના) લઈને પતાવી. તે પડકારનો જ પદાર્થ પાઠ છે...**

**રાષ્ટ્રના કટોકટીભર્યા પ્રાણ પ્રશ્ન આગળ અત્યારે તો ગોવંશ હત્યાબંધી કે દારૂબંધીનો પ્રશ્ન પ્રમાણભાન અને વિવેકપૂર્વકની વિચારણા માગે છે. કૉંગ્રેસ તોડવાની ભૂલ દેશને તોડે તો નવાઈ નહીં. તેથી જ સંતબાલ કૉંગ્રેસમાં રહી કૉંગ્રેસ શુદ્ધિનો આગ્રહ રાખતા."**

[આ બીજા વિભાગમાં ભાઈ દુલેરાય માટલિયાએ પોતાના વિચારો રજૂ કર્યા છે. તેને પણ અહીં આપ્યા છે. - **સંપાદક**]

વિશ્વવાત્સલ્ય : તા. ૧-૧૨-૧૯૯૦

---

## અનુભવની આંખે

# ૯ તપ કઈ રીતે કામ કરતું હશે ?

સંયમ એ સમજણ-જ્ઞાનનું પરિણામ છે. એનાથી સંસ્કૃતિ નિર્માણ થાય છે. સજા એ દમન-દબાણ છે; એનાથી વિકૃતિ જન્મે છે. સંયમ સમજણથી આવે, પણ સમજણ ઝટઝટ આવતી નથી.

સમાજને અને પોતાને પણ નુકસાન થતું હોય તેવું કૃત્ય કરનારને દા.ત. દારૂ પીનારને-જેલવાસની સજા કરવામાં આવે છે. સજા એના શરીરને થાય છે પણ એથી એના મનની વૃત્તિ સુધરતી નથી. ઊલટું વિકૃત થવાનો વધુ સંભવ છે. અને આમ છતાં સમાજ પાસે તો રાજ્ય શાસનની સત્તા અને એના કાયદા, કોર્ટ ન્યાય, દંડ અને સજા વગેરેનો આશ્રય લેવો એ જ સાધન છે.

"વિશ્વવાત્સલ્ય"ના તા. ૧-૧૨-૯૧ના અગ્રલેખમાં સમજણ અને સજા વચ્ચેના કોઈક નૈતિક સામાજિક દબાણના પગલાનો ઉલ્લેખ કર્યો હતો. કેલિફોર્નિયાની ૨૧ વર્ષની વિદ્યાર્થિની દારશીબહેને ઉકરડીમાં જે જોયું, જાણ્યું, અને સાણંદમાં જ્ઞાનચંદ્રજીની વાતોમાં સાંભળ્યું તેનાથી તે બહેન પ્રભાવિત બની હતી.

તપોમય પ્રાર્થના સાથેનો શુદ્ધિ પ્રયોગ કઈ રીતે કામ કરે છે ? એની અસર સામાજિક નૈતિક રીતે શું થાય છે ? વ્યક્તિ પર એનો પ્રભાવ પડે છે ? આવા પ્રશ્નો એના હતા.

કામ કરે છે તે તો ઉકરડીની ગ્રામસભામાં એણે જોયું હતું, પણ એ બધું કઈ રીતે કામ કરે છે ? એનું વિજ્ઞાન શું છે ? એ જાણવાની એની જિજ્ઞાસા હતી.

આ એક સંશોધનનો વિષય ગણાય. મુનિશ્રી સંતબાલજીની પ્રેરણા અને માર્ગદર્શનથી આ મુદ્દાને લગતું સંશોધનકાર્ય ભાલ નળકાંઠામાં શુદ્ધિપ્રયોગ રૂપે પ્રાયોગિક ધોરણે ઠીક પ્રમાણમાં થયું ગણાય. એના અનુભવને કેન્દ્રમાં રાખીને એ વિષે થોડું વિચારીએ.

એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવ માત્રમાં રહેલું ચેતન એક છે, પણ એના ઉપરનાં આવરણોના પ્રમાણ મુજબ એ ચેતનાનો વિકાસ એક સરખો નથી હોતો. મનુષ્યમાં રહેલું ચેતન વધુ વિકસિત છે. પણ તેનીયે કક્ષા સમાન નથી હોતી. દરેક મનુષ્યનો પીંડ બંધાય છે અન્નથી જેને અન્નમય કોષ કહેવાય છે.

ભૂખના કષ્ટનો-વેદનાનો-અનુભવ દરેક માણસને થાય છે. કોઈ માણસ ભૂખ્યો છે એમ આપણે જોઈએ કે તરત એને ખાવા આપવાનું મન થઈ જાય. પોતે

ભૂખ્યો ન હોય છતાં બીજાની ભૂખનું વેદન અનુભવાય. એનું કારણ બન્નેનો પીંડ બંધાયો છે અન્નથી. બન્નેમાં પેલું ચેતન તત્ત્વ રહેલું છે. જેનું વધુ વિકસિત છે તે વધુ વેદન અનુભવે. અને પેલાની વેદના કે કષ્ટને દૂર કરવામાં સહભાગી પણ બને.

ખરાબમાં ખરાબ કૃત્ય કરનાર વ્યક્તિમાં પણ ચેતન તત્ત્વ તો છે જ. એના પર મેલા સંસ્કારના થર વધુ જામી ગયા છે. એટલે એ ચેતન વિકસી શક્યું નથી. વિકસવાની ક્ષમતા છે પણ ઉપરના મેલ ધોવા પડે. બાળવા પડે. જેને આ વસ્તુની જાણ નથી. ગતાગમ જ નથી. ભૂખ્યાને જુએ ખરો પણ તેની ભૂખનું વેદન ન અનુભવી શકે. એને એનો સ્પર્શ જ ન થાય.

કોઈકને સ્પર્શ થાય. વેદન અનુભવે પણ માત્રા ઓછી. કોઈકને પૂરો સ્પર્શ થાય. વેદન-સમવેદન-સંવેદન જાગે.

અન્ન નહિ ખાવું અને ભૂખ્યા રહેવું એના બે પ્રકાર છે.

(૧) ખાવાની તીવ્ર ઈચ્છા છે, પણ ખાવા નથી મળ્યું. ભૂખનું કષ્ટ પરાણે ભોગવે છે. આ લાંઘણ ગણાય.

(૨) ભાવતાં ભોજન હોવા છતાં ખાવું નથી અને નહિ ખાવાનો આનંદ અનુભવે છે, આ તપ ગણાય.

આ તપ ચેતનતત્ત્વ ઉપર જામેલા મેલને ધોવામાં-બાળવામાં ઉપયોગી બને છે. ચેતનતત્ત્વ આથી વિકસે છે. આ તપ, ઉપવાસ-આત્મા સમીપે વસવું બને છે. જૈન પરિભાષામાં આને નિર્જરા કહેવાય છે.

આવું તપ બીજાના મેલ ધોવામાં અથવા બીજાના મેલથી બનતા અપકૃત્યોને અંકુશમાં રાખવામાં પણ ઉપયોગી બને છે.

તપ અને કેવળ તપ જ હોય. બીજા કોઈ રાગદ્વેષ, સ્વાર્થ, લોભ કે અહં જેવા તત્વોની ભેળસેળ ન હોય તો, અપકૃત્ય કરનાર વ્યક્તિ, અથવા તેના નજીકના હોય તે અથવા ઇતર સમાજના ચેતન તત્ત્વને જેવી જેની કક્ષા તે પ્રમાણે સ્પર્શ કરે જ કરે. ચેતન ચેતનને ખેંચેજ અને સામાજિક ચેતના જાગૃત બને.

તપની સાથે પ્રાર્થના પણ હોય !

હે ભગવાન ! જે વ્યક્તિએ અપકૃત્ય કર્યું છે તે તેની દુર્બુદ્ધિનું પરિણામ છે. તેને સદ્‌બુદ્ધિ આપજો.

અપકૃત્ય કરનારને ટેકો આપનાર પણ હોય છે. તેમને પણ આ તપ અને પ્રાર્થના દ્વારા પરોક્ષ અપીલ થતી હોય છે. અપકૃત્યનો ભોગ બનનાર વ્યક્તિમાં પણ પરિસ્થિતિવશ કે પ્રકૃતિવશ અન્યાય પ્રતિકારની શક્તિ હોતી નથી તેને પણ

અપીલ થાય છે. વ્યાપક સમાજને પણ એની અપીલ થાય છે, કારણ સહુમાં ચેતનતત્ત્વ રહેલું જ છે.

તપનો પ્રકાર જેટલો ઊંચો તેટલો તેનો પ્રભાવ વ્યાપક અને ઊંડો.

જૈન તીર્થંકર ભગવાન મહાવીરે અહિંસા અને પ્રેમને પોતાના જીવનમાં પૂરેપૂરાં સાકાર કર્યા હતાં. તેમના તપના પ્રભાવે નારી સમાજની ગુલામીની બેડીઓ તૂટી, સ્ત્રીઓનું સન્માન જાગૃત થયું, ગૌરવ વધ્યું. મોક્ષ મેળવવા સુધીના તમામ અધિકારો સ્થાપિત થયા.

મહાત્મા ગાંધીએ તપને સામાજિક સ્વરૂપ આપવાનો પ્રયોગ કર્યો. રાષ્ટ્રિય ચેતના જાગૃત કરી.

આ જ પ્રક્રિયાને આગળ વધારવાની વધુ જરૂર સ્વરાજ મળ્યા પછી તરત જ હતી. કારણ સ્વરાજમાં રાજ્યની દંડશક્તિનો ઉપયોગ કરવો વધુ સહેલો અને હાથવગો હતો.

એ જરૂરિયાતની પૂર્તિ થઈ શકી નહિ. પરિણામે લોકચેતના અને ધીરે ધીરે વ્યક્તિ ચેતના પણ કુંઠિત બનતી ગઈ. વળી સ્વાર્થ અને રાજકીય ગણતરીઓને ધ્યાનમાં રાખીને ઉપવાસનો દુરુપયોગ પણ થતો રહ્યો. આમ ઉપવાસ દ્વારા તપના પ્રયોગની સામાજિક પરિવર્તન કરવાની દૃષ્ટિએ ખાસ અજમાયશ કરવામાં નહીં આવી.

વ્યક્તિગત આત્મકલ્યાણ માટે એકાંતિક દૃષ્ટિથી તપશ્ચર્યા થતી હોય છે, પણ તે રૂઢિ અને પરંપરાગત, યંત્રવત્ થતી હોવાથી તેનો પ્રભાવ ક્યાંય પડતો હોય એવું દેખાતું નથી.

વિશ્વવાત્સલ્ય : તા. ૧૬-૧-૧૯૯૨

## ૧૦ સ્વરાજ્ય અને લોકશાહીમાં સત્યાગ્રહનું અભિનવ સ્વરૂપ

આ અગ્રલેખનું મથાળું છે તે વિષય પર વિશ્વવાત્સલ્ય અને પ્રયોગદર્શનમાં અનેક વખત લખાયું છે. "શુદ્ધિપ્રયોગનાં સફળ ચિત્રો"ના આ લેખના લેખકે લખેલ પુસ્તકમાં પણ આ વિષે સારી પેઠે છણાવટ કરી છે. તેમ છતાં વિઠલાપુર પોલીસ થાણા શુદ્ધિપ્રયોગને મળેલી સફળતાના સંદર્ભમાં ખાસ કરીને ગુજરાતનું જાહેરમાં ધ્યાન દોરવા અહીં થોડું લખવું પ્રસ્તુત બને છે. ગાંધી સવાસોના આ વર્ષમાં તો ખાસ કરીને.

આજે સારુંયે રાષ્ટ્ર જ નહિ, વિશ્વ આખું અનેક સમસ્યાઓથી ઘેરાયેલું છે. સમસ્યાના ઉકેલ માટે છેવટે પોલીસ અને લશ્કરનો આશ્રય લેવો પડે છે, પણ

એનાથી સમસ્યા ઉકલતી દેખાય એટલું જ ઊલટું નવી નવી સમસ્યાઓ પેદા થાય છે, એવો સહુને અનુભવ છે.

આ સ્થિતિમાં ગાંધીવિચાર કાંઈક આશાનું કિરણ છે એમ કેટલાક વિચારક લોકોને લાગે છે. ગાંધી મૂલ્ય કહો વિચાર કહો કે કાર્ય કહો, તેનો કઈ રીતે આજની પરિસ્થિતિમાં ઉપયોગ કરવો એ મહાન કોયડો છે.

કોઈ એક પરિબળ આજની પરિસ્થિતિમાં હવે અસરકારક કામ આપી શકે તેમ નથી, એટલું સમજીયે તો કોઈ પણ પ્રકારની શાસન વ્યવસ્થાને ભરોસે સમસ્યા ઉકલશે એમ માનવું એ ભ્રમ છે એ પણ સમજાશે.

લોકશાહી હોવા છતાં હવે લોકોએ સીધાં પગલાં ભરીને સમસ્યા ઉકેલવી પડશે.

સીધાં પગલાં લોકશાહીના બંધારણ અને કાયદા કાનૂની મર્યાદાઓ સાચવીને જ ભરવાં જોઈએ. કાનૂન ભંગના પગલાંનો સમાવેશ એમાં ન કરવો જોઈએ એમ ભાલ નળકાંઠા પ્રયોગનો અનુભવ કહી જાય છે.

સીધાં પગલાંને પરિણામે રાજ્યસત્તાને પોલીસ કે લશ્કરનો ઉપયોગ ન કરવો પડે એ સાવધાની આંદોલનકારોએ રાખવી જોઈએ. સીધાં પગલાંનો અર્થ એ છે કે -

જેણે અન્યાય કર્યો હોય તેની, અન્યાય સહન કરનારની અને અન્યાયના સાક્ષી બનનારની, એમ સહુમાં પડેલી શુભવૃત્તિ જાગે, એવો કાર્યક્રમ આપવો. મતલબ એમને સત્ય સમજાવવું. આગ્રહ રાખતા થાય, અન્યાય કે અસત્ય કાર્ય કર્યાનો સ્વીકાર કરે, પશ્ચાતાપ કરે, શક્ય બને તો એનું પ્રાયશ્ચિત પણ કરે, એમ સીધી અપીલ થાય તેવાં સીધાં પગલાં ભરવાં.

જેને સમજાય તે આ પગલાં ભરે એકને સમજાય તો એક પણ પહેલ કરે. શરૂઆત કરે. 'સત્યમેવ જયતે' સૂત્રમાં નિષ્ઠા, લોકોમાં શુભવૃત્તિ પડેલી જ છે, તેવી શ્રદ્ધા અને સંયમ તપ અને મૌન પ્રાર્થનાથી તે શુભવૃત્તિને સફળ અપીલ થઈ શકે છે તેવો આત્મવિશ્વાસ આ સીધાં પગલાંમાં અનિવાર્ય છે. પરિગ્રહ પ્રાણ અને પ્રતિષ્ઠાને હોડમાં મૂકીને પણ આ કામ થવું જોઈએ. 'એકલો જાને રે'ની જેમ એકડાથી શરૂ કરનાર કોઈ એક હશે તો પાછળથી મીંડા ચડશે અને કોઈ નહિ સાથ આપે તો કર્તવ્ય કર્યાનું સમાધાન તો અવશ્ય મળશે જ.

તર્કબુદ્ધિથી આ ન સમજાવી શકાય એવી વસ્તુ છે. બુદ્ધિમાની સાથે હૃદયના ભાવ અને શુદ્ધ અંતઃકરણની શક્તિ આમાં વધુ મદદ કરે છે એવું અનેક પ્રયોગોના

અનુભવ પછીનું આ તારણ છે.

ચિંતનની જરૂર છે જ, પણ ચિંતનના ચાકડેથી પીંડને પ્રત્યક્ષ ચાક પર મૂકીને ચાકડો ફેરવવો જોઈએ.

જોનાર દ્વિધામાં રહેશે કે ગોળી ઊતરશે કે ગાગર, પણ ચાકડો ફેરવનાર તો ધાર્યો ઘાટ ઊતરશે જ એવા વિશ્વાસથી બાવડાંના બળે પુરુષાર્થ કરતો જ રહેશે. સંભવ છે કે કોઈક ઘાટ નિષ્ફળ જાય, કંઈક ખામી રહી હોય તો નિષ્ફળતા પણ મળે, 'તીરે ઊભા તમાસો જોનારને કોડીયે ન મળે" પાણીમાં તરનાર 'તારો ડૂબે" એમ કોઈકવાર નિષ્ફળતા પણ મળે, પરંતુ મરજીવા હોય તે જ મોતી પામે, એના જેવું આજની પરિસ્થિતિમાં આવા પ્રયોગોનું ભાવિ સમજી લેવું જોઈએ.

માત્ર બુદ્ધિના સ્તરેથી તર્ક અને દલીલો કરવાથી તો કાંઈ જ પ્રાપ્ત થઈ શકે નહિ; અનુભવ લેવા માટે પણ પ્રયોગકાર્ય કરવું જોઈએ.

ગુજરાતમાં આ વિષય પર એકાદ ગોષ્ઠિનું આયોજન તુરતમાં થાય તો તે કરવા જેવું છે. ગાંધી સવાસોના આ વર્ષમાં જ આવી ગોષ્ઠિ થાય તો અન્યાય પ્રતિકાર અને સત્યાગ્રહનું સાચું સ્વરૂપ સમજવામાં એની વિચારણા ઉપયોગી થશે અને ગાંધી વિચારને કંઈક ઘાટ આપી શકાશે.

વિશ્વવાત્સલ્ય : તા. ૧-૧૨-૧૯૯૩

## ૧૧ સફળ શુદ્ધિપ્રયોગ સાધનો અને કારણો

વિઠલાપુર શુદ્ધિપ્રયોગ સંપૂર્ણ સફળ થયો અને તે આટલી ઝડપથી સફળ થયો એથી કેટલાય મિત્રોને આશ્ચર્ય થયું છે. અને તેનાં કારણો જાણવાની ઈંતેજારી પણ ધરાવે છે. આ વિષય હજુ ખેડાતો હોવાથી તેમાં સંશોધનને ઘણો અવકાશ છે. અભ્યાસુ જિજ્ઞાસુઓએ એમાં ઊંડા ઊતરવું પડે. એમ છતાં સફળતાનાં બધાં કારણો જાણી, સમજી, કહી, લખી શકાય એવું નયે બને. આમ છતાં આ વિષય પ્રગટ ચિંતનમાં છણવા યોગ્ય હોવાથી અહીં અમારો જે કંઈ અનુભવ છે તે શબ્દોમાં ઉતારવા પ્રયાસ કરીશું.

(૧) પ્રયોગ વ્યક્તિગત નહિ, સંસ્થાગત કરવાનો હોય છે.

(૨) જે સંસ્થા પ્રયોગ હાથ ધરે તે સંસ્થા અને તેનું સંચાલન કરનાર મુખ્ય વ્યક્તિ સમાજમાં વિશ્વાસપાત્ર હોવી જોઈએ.

(૩) પ્રતિકાર, ભ્રષ્ટના અન્યાય કે અનિષ્ટનો કરવાનો હોઈ, તેમાં નિમિત્ત બનનાર વ્યક્તિ પ્રત્યે દ્વેષ તિરસ્કાર કે ધિક્કાર ન હોય. માત્ર તે વ્યક્તિ પ્રતિષ્ઠિત બની ગૌરવભેર ફરી શકે નહિ, અને તેનો ભ્રષ્ટાચાર ખુલ્લો પડી સમાજમાં તેના ટેકેદારો હોય તે પણ સમજે અને તેને ટેકો આપવાનું બંધ કરે તો પછી તે વ્યક્તિ એકલી ટકી ન શકે. અને થયેલી ભૂલ સુધારી લેવાની તેને ફરજ પડે. આવી સ્થિતિ નિર્માણ કરવાની હોય છે.

(૪) તપ, પ્રાર્થના અને મૌન આ પ્રયોગમાં ઉપયોગી બને છે.

બલિદાન વિના તો સિદ્ધિ મળતી નથી. આવા પ્રયોગમાં હેતુ મર્યાદિત હોવાથી જાતનું બલિદાન તો આપવાનું હોતું નથી. પણ લોહીમાંસ તો સૂકવવાં પડે. ઉપવાસરૂપી તપ અનિવાર્ય બને તો તેવું તપ. અનિષ્ટમાં નિમિત્ત બનનાર સહુને સદ્‌બુદ્ધિ મળે તેવી પ્રાર્થના, અને આવી શુદ્ધિકરણની પ્રક્રિયા શરૂ થવા સાથે જ અશુદ્ધિ-મેલ બહાર આવે જ. અને તે પણ સામે પ્રત્યાઘાતમાં પોતાની કક્ષા મુજબ ખોટાં સાધનોથી પ્રતિકાર કરે જ. પણ તેની સામેય મૌન રહેવું. અનિષ્ટનો પ્રતિકાર પણ પ્રત્યાઘાતો - કષ્ટ સહન કરવાં પડે તો તે ભોગવવું.

(૫) આટલું થતાં સમાજનાં શુભબળો જે અત્યાર સુધી ઉદાસીન કે નિષ્ક્રિય હતાં તે સળવળે છે. જાગે છે. સક્રિય બને છે. દરેક ક્ષેત્રમાં આવાં શુભબળો હોય છે. સામાજિક, નૈતિક, ધાર્મિક, કે રાજકીય એમ જ્યાં જ્યાં શુભ પડ્યું છે તે આ પ્રશ્ન પર એકાગ્ર બને છે. પ્રત્યક્ષ પરોક્ષ તેમનું સંકલન થાય છે. અને પછી અનુબંધ જોડાઈ જાય કે તરત કાર્ય સફળ થાય છે.

ભ્રષ્ટ આચરણ કરનારમાં પણ શુભ તો પડ્યું જ હોય છે. પરિસ્થિતિવશ તે ચાલતો હોય છે. ચારે બાજુ ધન અને સત્તાની આ ધીમી દોડમાં તે પણ ઝુકાવે છે. પરંતુ પરિસ્થિતિ બદલાતાં તેનામાં રહેલું શુભ જોર-કરે છે, બહાર આવે છે. અને સફળતામાં સહકાર આપે છે. પરિણામે સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

(૬) આમાં જેટલી અધૂરપ કે કચાશ તેટલા પ્રમાણમાં વિલંબ કે ફળ પ્રાપ્તિમાં ઓછપ.

(૭) શુભ ચારે ક્ષેત્રોમાં છે તે પૈકી રાજકીય, ધાર્મિક અને નૈતિક ક્ષેત્રનાં શુભ કરતાં સામાજિક એટલે કે પ્રજાકીય ક્ષેત્રમાં પડેલાં - શુભમાં સળવળાટ વહેલો થાય છે. એવો અમારો અનુભવ છે. તેનાં કારણમાં એમ જણાય છે કે પ્રજામા સામાન્ય માણસો જ વધુ છે. જે સત્તા કે ધનની દોડમાં પડ્યા નથી. શ્રમપ્રધાન અને પાપથી ડરીને ચાલનારાં તેમ જ રોટલો રળીને સંતોષ રાખનારાં છે. તેમનું શુભ

વહેલું જાગે છે. એટલે લોકજાગૃતિનો મુખ્ય હેતુ રાખીને પ્રયોગ શરૂ થાય છે. બીજાં ક્ષેત્રોનાં પરિબળો જાગે, ન જાગે, ઓછાંવત્તાં કે વહેલાંમોડાં જાગે, પણ લોકો તો સવેળા જાગે જ છે. અને પરિણામની દૃષ્ટિએ ફળ મળે ન મળે કે ઓછુંવતું મળે, પણ લોકજાગૃતિની દૃષ્ટિએ તો પ્રયોગ સફળ થઈને જ રહે છે. એવો આજ સુધીનો અનુભવ છે.

વિઠલાપુરમાં બધી દૃષ્ટિએ બધા ક્ષેત્રોનાં શુભબળો સળવળ્યાં, જાગ્યાં, કામે લાગ્યાં, તેમનું સંકલન થયું અને અનુબંધ જોડાયો એટલે આની એક તાત્ત્વિક બાજુ પણ છે.

સમુદ્રમાં કાંકરી નાખીએ તો તેનો તરંગ-પાણીની હલચલ ઊઠે છે. ભલે તે દેખાય નહિ. પણ આખાયે શાંત સમુદ્રને તે સ્પર્શી જાય છે. તેમ વિશ્વ આખુંય એના કુદરતી નિયમને આધીન ચાલે તો વિશ્વશાંતિ અખંડ અવિભાજ્ય ચાલુ રહી શકે; પરંતુ માણસ જાત તેની અસદ્ વૃત્તિને વશ બની ભૂલ કરી બેસે છે ત્યારે અશાંતિની લહર ઊઠવાની શરૂઆત થઈ જાય છે. જ્યાં પણ આવી ભૂલ થાય ત્યાં જ તે જ ક્ષણે એનું યોગ્ય નિવારણ થઈ જાય તે શાંતિમાં પડનારી ખલેલ દૂર થઈ જાય. અને શાંતિ અખંડ ચાલ્યા કરે.

આવું નિવારણ કરવાનું કામ એના જાણકાર જ્ઞાની વ્યક્તિઓ જ કરી શકે. દરેક સ્થળે, દરેક કાળે, અને દરેક પરિસ્થિતિમાં આવા જ્ઞાની પુરુષો મળી શક્તા નથી. પણ આ સનાતન સત્યની અનુભૂતિ થઈ હોય તેવા જ્ઞાનીના ચિંધેલા રસ્તે ચાલવાનો પ્રયાસ કરનાર તો હંમેશા દરેક સ્થળે દરેક વખતે હોય છે. એમણે અશાંતિનું નિમિત્ત આપનાર વ્યક્તિમાં રહેલું ચેતનતત્ત્વ અને પોતામાં રહેલું ચેતનતત્ત્વ એક જ છે એ સમજવું રહ્યું. મતલબ 'તુ માં 'હું' છું અને 'હું'માં 'તું' છું એવી અનુભૂતિ ન થઈ હોવા છતાં, બંનેમાં 'શુભ' તો છે જ. એટલે પોતાના 'શુભ'ને એવું જગાડે કે સામાના 'શુભ'ને હાકોટે સંભળાય અને એ જાગે. અને ભૂલનો સ્વીકાર કરે નિરાકરણ કરવામાં સહાયભૂત બને.

આટલું પણ થાય તો તાત્પૂરતો વ્યવહાર સરખી રીતે ચાલે. આનો અર્થ કોઈ એવો ન કરે કે એ વ્યક્તિ ફરી એવી ભૂલ નહિ જ કરે.

એ માટે તો એનો હૃદયપલટો થઈ એનામાં જ્ઞાન પ્રગટવું જોઈએ. શુદ્ધિપ્રયોગોનું પરિણામ હૃદયપલટામાં આવે તો ઉત્તમ, બાકી પ્રયોગનો હેતુ મર્યાદિત છે. નૈતિક સામાજિક દબાણથી પરિસ્થિતિ એવી નિર્માણ કરવી કે થયેલી ભૂલનું નિવારણ થઈ પડેલો ખાડો પુરાઈ જાય.

વિશ્વવાત્સલ્ય : તા. ૧૬-૧૨-૧૯૯૩

# ૧૨ ભૂતકાળમાં જિવાય નહિ, એનો બોધ લેવાય

૬ઠ્ઠી ડિસેમ્બરે જે કંઈ અયોધ્યામાં બન્યું અને તેના જે પ્રત્યાઘાત દેશભરમાં પડ્યા તે એમ સૂચવી જાય છે કે, હજુ આપણે જાણે ભૂતકાળમાં જીવતા ન હોઈએ ?

ભૂતકાળનો બોધ જરૂર લઈએ, પણ એ બોધ લીધો ત્યારે ગણાય કે જે તેમાંથી આપણને સુખ શાંતિ મળે.

રામાયણનો અયોધ્યાકાંડનો બોધ જો આપણે લીધો હોત અને ઈસ્લામનો સાચો અર્થ બરાબર સમજાયો હોત તો ૬ઠ્ઠી ડિસેમ્બરના અયોધ્યાકાંડમાંથી દેશમાં સુખશાંતિનું વાતાવરણ અવશ્ય સર્જાયું હોત. પણ જે અશાન્તિ અને અજંપો સર્જાયાં તે એમ બતાવે છે કે હજુ આપણે બોધ કેવો અને કઈ રીતે લેવો કે જેથી પરિણામે સુખ અને શાંતિ પ્રાપ્ત થાય એની શોધ કરવાની છે.

આ આખાય કાંડના મૂળમાં ધર્મ નથી, પણ રાજકારણનો ધંધો છે એ વાત હવે દીવા જેવી સ્પષ્ટ થઈ ગઈ છે. મંદિરનું કે મસ્જિદનું ગમે તે થાય, લોકોના જાન માલ મિલ્કતનું ગમે તે થાય, સત્તા છે તો તે ટકાવવી છે; નથી તો તે મેળવવી છે. એમાં ધર્મ અને સંપ્રદાય સાધન રૂપ બને તો બનાવીને પણ ઝનૂન કટ્ટરતા અને હઠીલા અંતિમ આગ્રહોને ઉત્તેજિત કરીને પણ અમારે આમ કરવું છે.

આવા અપરાધી લોકો ૭૦ કરોડમાં કેટલા હશે ? દસ હજારથી વધુ નહિ હોય. દસહજારની વસ્તીએ એકાદ વ્યક્તિ જ આવી હશે. બાકીના જે હશે તે તો કેવળ એમની પાછળ દોરવાયેલા નિર્દોષ માણસો જ ગણવા. એમની ધર્મ, સંપ્રદાય ઉપરની અંધશ્રદ્ધાનો કે રાજ્યસત્તાની મદદથી પોતાની સલામતી જળવાશે અને રક્ષણ થઈ શકશે એવી ભોળી શ્રદ્ધાનો ખરેખર તો ગેરલાભ જ લેવામાં આવે છે.

આજે જ અમદાવાદના એક મુસ્લિમ સજ્જન મળ્યા, તે કહેતા હતા કે અમારે તો સુખે રોટલો કમાઈ ખાવો છે. હવે અહીંથી તો ક્યાં જઈએ ? દેશમાં ક્યાંય જવું નથી. ગલ્ફ પ્રદેશના દેશોમાં પણ જવું નથી, પણ સલામતીથી રોટલો રળવા અમેરિકામાં જવું છે. ડ્રાઈવિંગ કરીશ ત્યાં નોકરીની ગોઠવણ થાય એવું કરી આપો ને ?"

આ સજ્જનને શું જવાબ આપું ? કહ્યું તો ખરું કે, "ભારતના દશેક કરોડ મુસલમાનો તમારી જેમ બીજે ક્યાંક રોટલો રળવા જવાનું ઈચ્છે તો એમને કોણ રોટલો આપવાનું છે ? અને બીજા ઈસ્લામ દેશમાં રહેતા હિંદુઓ એ દેશ છોડીને ભારતમાં કે બીજે રહેવા જવાનું વિચારે તો એમને પણ આશરો કોણ આપવાનું છે ? આપણે સહુએ જ્યાં છીએ ત્યાં જ સુખનો રોટલો રળી, એમ શાંતિથી રહી શકીએ એવી સ્થિતિ લાવ્યા સિવાય કોઈનોય છૂટકો નથી.

કહેતી વખતે મનમાં સમજાતું હતું કે આ વાસ્તવિકતાનું સત્ય સાંભળવા કે સમજવાની હાલ એમની માનસિક સ્થિતિ નથી. સલામતી રક્ષણ કે વિશ્વાસની લાગણીનું સાવ ધોવાણ થઈ ગયું હોય અને ભયની ઘેરી લાગણી મોં પર ચાડી ખાતી હોય એમ સ્પષ્ટ દેખાતું હતું.

આવા કરોડો સામાન્ય માણસોને મસ્જિદ મંદિરના સ્થળ વિષે કે તે અંગે ચાલતા વિખવાદ સાથે કશો સીધો સંબંધ નથી. એમના વ્યક્તિગત ધર્મને એ આજે પણ વિના રોકટોક પાળી શકે છે. ધર્મના ક્રિયાકાંડો કરી શકે છે. એના રોજિંદા વ્યવહારને કશો બાધ આવતો નથી. આ સામાન્ય માણસો તો આ વાસ્તવિક્તા સમજી શકે છે. સત્તાના રાજકારણમાં વોટ બેંકના ડાયરેક્ટરોના નચાવ્યા નાચવાનું બંધ કરીને તેમના હાથા ન બનવાની સમજ આપવાની અને એ સમજ પ્રમાણે વ્યવહાર કરવાની એમનામાં શક્તિ આવે તેવું કાર્ય કરવાની જરૂર છે.

તાજેતરમાં રાણપુર અને ધંધુકામાં તદ્દન નાનો સરખો આ દિશાનો પ્રયત્ન થયો તેના જાણવા મળેલા પ્રતિભાવો પ્રોત્સાહક છે. એમાં ભૂતકાળને યાદ તો કર્યો. ઈતિહાસ જાણવો જરૂરી ખરો, પણ પછી એને વાગોળવાની કે એમાં રાચવાની અને એ ભૂતકાળમાં જીવવાની જરૂર નથી. ઈતિહાસનો બોધપાઠ લઈ વર્તમાનમાં સુફળ લણવા માટે ઈતિહાસમાં નીંદામણ કરવા જેવું હોય તે નીંદીને અને બાકીનું ખાતર તરીકે વાપરીને વર્તમાનમાં સુખ અને શાંતિથી રહી શકીએ એમ કરવામાં જ ડહાપણ છે. બાકી તો ખૂનામરકીનું ગાંડપણ જ થશે.

કોઈકે લખ્યું છે તે થોડા વખત પહેલાં એક લેખમાં વાંચ્યું છે કે, ભારતમાં અનેક ભયંકર ઝંઝાવાતો આવ્યા, અનેક વખત આવ્યા. અને છતાં ભારતની પ્રજામાં કંઈક એવું છે કે તે હજુ પણ એક પ્રજા તરીકે અસ્તિત્વ ટકાવી શકી છે.

આ 'કંઈક' એટલે અમારે મન એના સામાન્ય માણસોની કોઠાસૂઝ, હૈયા ઉકલત, વિરોધીને પણ સમાવી લેવાની સમાધાનવૃત્તિ, જુદાપણાને સહી લેવાની ઉદારતા. આ ગુણો એટલે કે ડહાપણ હોવાને લીધે જ ઉત્તરમાંથી આવેલા આર્યોને અને ત્યાર પછી આવેલી અનેક પ્રજાઓને અને તેમની સંસ્કૃતિઓને ભારતે સમાવી લીધી. ઝંઝાવાતોથી આ ગુણવૃત્તિ હલબલી જાય છે એ ખરું, પણ મૂળ ભારતીય પરંપરા પ્રણાલી અને એની સંસ્કૃતિનાં મૂળિયાંએ એવી ઊંડી જડ નાખી છે કે એ મૂળસોતાં ઊખેડી નાખી શકાય એમ નથી. વાવાઝોડું કે ઝંઝાવાત પસાર થઈ જાય કે પછી તે સ્થિર થવા લાગે છે. એને પાણી ખાતર અને અનુકૂળ હવામાન આપવાનું કામ સમાજના હિતચિંતકોનું છે. થાક્યા કે નિરાશ થયા વિના એમણે તો એ કામ કરવાનું ચાલુ રાખવું જ પડે.

વિશ્વવાત્સલ્ય : તા. ૧-૧-૧૯૯૩

# ૧૩ અપરાધભાવ અને અપરાધ

ગપશપ વાતોમાંથી સિદ્ધાંત-ધર્મ અને નૈતિક્તાને લગતી ચર્ચામાં એવા તો ઊંડા ઊતરી જવાયું અને જમાવટ થઈ કે, અમદાવાદથી રાણપુરનો અઢી-ત્રણ કલાકનો રસ્તો મેટાડોર વાહનમાં પૂરો થઈને રાણપુરના ઊની ખાદી કેન્દ્રનો દરવાજો આવ્યો ત્યારે જ ખ્યાલ આવ્યો કે મુકામ આવી ગયો. જોકે ચર્ચામાં તો અંતિમ મુકામ આવ્યો જ નહોતો.

વાતનો વિષય બની ગયો (૧) અંબરમાં કેટલેક ઠેકાણે વીજળી ચાલુ થઈ તે અને (૨) બે-હિસાબી નાણાનું દાન.

આજે ખાદી એટલે હાથથી કાંતેલું અને હાથથી વણેલું તે ખાદી. વીજળીનો ઉપયોગ કતાઈ અને વણકરીમાં નિયમ વિરુદ્ધ છે. નિયમ વિરુદ્ધ કતાઈ વણકરી થતી હોય તો ખાદીમાં અપાયેલું રીબેટ ખાદી કમિશન પાછું વસૂલ કરી શકે અને ખાદીકામ કરવા માટે આપેલું પ્રમાણપત્ર રદ કરી નાખે. મતલબ ખાદીને નામે તે કામ કરી શકાય નહિ.

આ નિયમ હોવા છતાં અને ખાદી સંસ્થાઓ કાળજી રાખીને કડકાઈ રાખે તો પણ હાલ સ્થિતિ એવી છે કે, વીજળીથી ચાલુ થઈ ગયેલા અંબર ચરખાને સંપૂર્ણ બંધ કરાવી શકાય એવું જણાતું નથી.

સેંકડો ગામોમાં હજારો ઘરોમાં રાત-દિવસ કોણ ચોકી કરે ? જાગૃત સંસ્થા કે કાર્યકર રાત્રે જઈને તપાસ કરવાના દાખલા છે. પણ ચોર કોટવાળને દંડે એની જેમ રાતે કેમ આવો છો ? એમ પ્રશ્નો સાથે આક્ષેપો પણ થતા હોય છે. એવું જાણવા મળે છે. દિવસે જાય અને ગામમાં પેસતાં જ ઘરોઘર ખબર પડી જાય કે તરત મોટર કાઢીને સંતાડી દે એવું બને છે.

પૂણી આપવાનું બંધ કરે છે તો બીજી સંસ્થામાંથી લઈ આવે છે. કત્તીનોની નોંધણી એકથી વધુ સંસ્થામાં જુદાજુદા નામે પણ થતી હોય છે. સંસ્થાઓમાં પણ શિથિલાચાર પેસેલો છે એટલે કડકાઈથી નિયમોનો અમલ થતો નથી.

બનેલો કિસ્સો એક જવાબદાર કાર્યકરે કહી સંભળાવ્યો. સંસ્થાએ બહુ કડકાઈ કરી એટલે કત્તીને અંબર ચરખાને અભરાઈ પર ચડાવી દીધો. મોટર કાઢી નાખી. વીજળીથી કે હાથથી કાંતવાનું જ બંધ કર્યું. સંસ્થામાંથી પૂણી તો નિયમિત લાવે જ, પણ થોડાક ઓછા ભાવે તે બીજી સંસ્થાને વેચી દે. મિલનું સૂતર લાવી તેની આંટી બનાવી આ સંસ્થાને તે આપે. સંસ્થા તો માને કે પોતે આપેલી પૂણીનું હાથનું

કાંતેલું સૂતર છે. મિલ સૂતર અને અંબર સૂતર વચ્ચેનો ભેદ પારખવા જેવી કુશળતા બધા જ ખાદી કાર્યકરો ધરાવતા નથી.

સહુ એક વાતમાં સંમત હતા કે કતાઈમાં વીજળીનો ઉપયોગ માન્ય ન થાય ત્યાં સુધી નિયમ વિરુદ્ધ વીજળીના અંબર ચાલે છે એ ખોટું છે. એક મિત્ર તો આને 'અધર્મ્ય' ગણે છે. જોકે આની સામે એક દલીલ થઈ જ કે, અંબરમાં વીજળી વાપરવી કે ન વાપરવી એ ધર્મના કોઈ મૂળભૂત વ્રતો સાથે સંબંધ ધરાવતી બાબત નથી. ખાદી કમિશન કે ભારત સરકાર નીતિવિષયક નિર્ણય લઈ નિયમમાં સુધારો કરે, અને વીજળીને માન્યતા આપે તો પછી વીજળીનો ઉપયોગ કરવો નિયમ વિરુદ્ધ ન ગણાય. આમ નીતિ નિયમોમાં તો દેશ કાળ્ ને સંજોગો પ્રમાણે પરિવર્તન થતું જ આવે. છતાં નિયમ ન બદલાય ત્યાં સુધી એ નિયમ વિરુદ્ધ કહી શકાય. પણ અધર્મ્ય છે એમ ન ગણાય. વળી આ તો ગરીબ માણસોને રોટલો, રોજગારી આપવામાં ઉપયોગ થાય છે. અને રોટલો ગરીબને આપવો એના કરતાં ગરીબને રોટલા રળવાનું વધુ સારું સાધન આપવું તે ઉત્તમ કામ છે.

: ૨ :

આમ રસિક ચર્ચામાં સારી-નબળી બાજુઓ પણ છતી થઈ. બેહિસાબી નાણાં બાબત પણ સારી ચર્ચા થઈ. પાવતી વિના દાન લેવું એટલે કરચોરીમાં ભાગીદારી. એવાં દાન ન લેવાય એવી માન્યતાની સામે સારાં જ કામોમાં રકમ વપરાય છે અને સરકાર કરતાં વધુ સારી રીતે હેતુ મુજબ ઉપયોગ થાય છે. પછી બહુ ચિકાશ કરવાની જરૂર નથી. એવી દલીલ થઈ.

અત્યાર સુધી શાંતિથી અને મૌન રાખી વાતો સાંભળતા હતા તે મિત્ર કહેવા લાગ્યા :

“આજે વિજ્ઞાન અને ટેકનોલોજી કેટલાં બધાં આગળ વધ્યાં છે કે હવે અંબરમાં વીજળી વાપરવી કે ન વાપરવી એવી સાવ નાની વાતમાં અને જ્યાં સરકારી તંત્રમાં નરદમ ભ્રષ્ટાચાર ચાલે છે ત્યાં પૈસા આપવા કરતાં સારી સંસ્થાઓ મારફત સેવાના કાર્યોમાં નાણાં આપવાં કે ન આપવાં જેવી તત્ત્વચર્ચાનાં ચૂંથણાં પાછળ તો અપરાધભાવ કામ કરતો હોય એમ લાગે છે. નિયમ વિરુદ્ધ છે માટે અનૈતિક કે અધર્મ્ય ગણો છો, અને અનીતિ કે અધર્મ કરો છો તેવો અપરાધભાવ સેવો છો એની આ બધી ઝંઝટ છે. આવી બધી વાતોને મારો ઝાડુ અને સાફ કરો મનનાં જાળાંઓને.”

મિત્ર હતા બુદ્ધિશાળી, વ્યવહારકુશળ, પીઢ અને અનુભવી. એમની

અપરાધભાવવાળી વાતે અમને આચાર્ય રજનીશે લખેલ વાતની યાદ અપાવી.

એક ભાઈ એમના મિત્રને કહેતા હતા કે હું ખૂબ પરેશાન રહું છું. માનસિક રીતે ચોરી કરું, જૂઠું બોલું તો તરત મનમાં ખૂબજ કષ્ટ થાય છે. પછી એ મિત્રે એમને એક મનોચિકિત્સક પાસે સારવાર લેવરાવી અને બે એક વર્ષમાં તો એમની પરેશાની સંપૂર્ણ બંધ થઈ ગઈ.

શું કર્યું મનોચિકિત્સકે ? ચોરી-જૂઠ બંધ થઈ ગયાં ?

ના, ચાલુ જ છે. પણ હવે પહેલાંની જેમ અમને પીડા થતી નથી, જૂઠ-ચોરી વગેરે કોઠે પડી ગયું છે. જાણે કે પ્રકૃતિનો જ એક ભાગ બની ગયો છે.

વ્યવહાર તો એમ જ ચાલે, એમ માનીને એ મનમાં સમાધાન મેળવે છે. ચોરી-જૂઠ લહેરથી ચાલ્યા કરે છે. પૈસા મળ્યા કરે છે. દાન આપે છે. પ્રતિષ્ઠા પણ મળે જ છે. પછી પીડા ક્યાં રહી ?

આમ અપરાધ ચાલુ રાખી અપરાધ ભાવની માનસિક યાતનામાંથી મુક્તિ મેળવવાની વાત એક છેડાની છે તો બીજો છેડો, નિર્દોષ અપરાધ કરીને નિરપરાધી લોકો અપરાધભાવથી પીડાતા લોકોનો પણ છે.

ગુંદી આશ્રમથી ગુંદી ગામમાં આવવા જવા માટે વચ્ચે રેલવે સ્ટેશન ઓળંગીને જ જવું પડે એમ છે. સ્ટેશન વટાવવા સીડી નથી. રેલવે ફાટક સ્ટેશનથી બબ્બે ફર્લાંગ દૂર આવેલાં છે.

એક પણ અપવાદ સિવાય આખું ગામ અને આખો આશ્રમ નિયમ વિરુદ્ધ રેલવે સ્ટેશનમાંથી જ પસાર થાય છે. એ તો ઠીક પણ એકેય વ્યક્તિ પ્લેટફોર્મ પાસ લેતી નથી.

૪૫ વર્ષ પહેલાં પંચવદનભાઈ નામના યુવાન રેલવે માસ્તર હતા, આશ્રમ સાથે મૈત્રી બંધાઈ ગઈ, નીતિ અનીતિના વ્યવહારની વાતોમાં એમણે આ નિયમ અને વાસ્તવિક્તા કહી બતાવી. હસતાં હસતાં કહ્યું : "નિયમ મુજબ તો કેસ કરી શકું. પણ વ્યવહારુ બનવું પડે ને ?"

આ જાણ્યા પછી અમે પણ વ્યવહારુ જ બન્યા છીએ અને એ જ રીતે આજે પણ રેલવે સ્ટેશનનો ઉપયોગ કરીએ છીએ.

એવો જ એક દાખલો મિત્રે આપ્યો. અવારનવાર પ્રવાસ કરવાનો થાય. રેલવેમાં રિઝર્વેશન કરાવતાં સમય જાય, રિક્ષા કે બસભાડુ થાય. અને છતાં ટિકિટ મળશે જ એનું નક્કી નહિ. હવે એ ઝંઝટથી મુક્ત બન્યો છું. એજન્ટને સરવિસ ચાર્જની રકમ પહોંચ મેળવીને આપું છું. અચૂક ટિકિટ ઘેર બેઠાં મળી જાય છે. જાણું

છું કે આ એજન્ટો અને રેલવેતંત્ર વચ્ચે કંઈક ને કંઈક સાંઠગાંઠ છે. અને લાઈનમાં ઊભા રહેનારને ટિકિટ વિના રહેવું પડે છે. છતાં વ્યવહારુ બનવું પડે છે.

એવી જ વાત બસ કે રેલવેમાં લાઈનમાં ઊભા રહી ને ટિકિટ લેવી કે બસ-ટ્રેનમાં બેસવાની. સંભવ એવો જ વધુ છે કે પ્રવાસ જ બંધ રાખવો પડે.

એક મિત્રે એક વખત દલીલ કરી જ હતી કે અનીતિથી મેળવેલા નાણાવાળા ધનિકોને ત્યાં જૈન સાધુ-સાધ્વી ગોચરી લેવા જાય જ છે એનું શું ?

ગોચરીમાં મળતો ખોરાક નીતિમય કમાણીનો છે કે અનીતિમય કમાણીનો એનો ન્યાય કરવા જો બેસે તો સાધુઓએ ઉપવાસ જ કરવાના થાય. તેવી આજે સ્થિતિ છે.

આમ વ્યવહાર સો ટકા આદર્શ કે સિદ્ધાંતથી ચાલી શકે નહિ. અપરાધ થતો દેખાય પણ તે નિર્દોષ ભાવે થતો હોય એમ બને. અપરાધ કરવાની વૃત્તિ ન હોય, ભાવ ન હોય.

અપરાધ સમજી બૂઝીને દોષિત બુદ્ધિથી રસપૂર્વક ગૌરવપૂર્વક કરતા રહીએ અને અપરાધભાવનું વેદન ન થાય તો સમજવું કે એ પતનમાં લઈ જતી અધોગતિ છે.

જૂના સંસ્કારને કારણે કે પરિસ્થિતિ વશ - લાચારીથી કોઈ નીતિનિયમનો ભંગ થતો હોય અને તેનાથી મનમાં અપરાધભાવનું વેદન થતું હોય તો સમજવું કે હજુ પ્રગતિ તરફ જવા માટેનાં બારણાં સાવ બંધ થઈ ગયાં નથી.

વાચકો વધુ પ્રકાશ પાડી શકશે તો જાણવા-સમજવાનું મળશે.

વિશ્વવાત્સલ્ય : તા. ૧-૩-૧૯૯૩

## ૧૪ ભાલ નળકાંઠા પ્રયોગ એ સાર્વજનિક મૂડી છે

આ અંકના 'પત્ર મંજૂષા' વિભાગમાં ચાર પત્રોમાંથી ઉતારા લીધા છે. આ અગ્રલેખમાં એના પર લખવું છે. ઉતારાનાં કેટલાંક વાક્યો ધ્યાન ખેંચે છે. અહીં તે વાક્યો બેવડાવ્યાં નથી. અમારા લખાણમાંથી સમજી શકાશે.

શ્રી દેવજીભાઈ અને શ્રી જયંતીભાઈના લખાણમાં ક્યાંય અહંની કે સ્વપ્રશંસાની છાંટ અમને દેખાતી નથી. અને છતાં તે બંને મિત્રો સંતબાલજીની પ્રયોગવૃત્તિ સાથે સંકળાયેલા રહ્યા હોવાથી એમના લખાણોને પણ સંતબાલજીના વ્યક્તિગત સંદર્ભમાં જ જોવા - મુલવવામાં આવે એમ બને. આપણામાં એક વ્યવહારુ અનુભવનું સૂત્ર છે : "અતિવર્જ્ય" એટલે જ શ્રી પરમાનંદભાઈ કાપડિયા જેવા મહાનુભાવે સંતબાલજીને લખ્યું છે તેમ વારંવાર અમૃત પીરસવામાં આવે તો, જેમ અમૃત પણ અકારું થઈ

પડે એવી આ બાબત છે'' એના જેવું થવાનો સંભવ છે. એકની એક વાત વાંચતાં કંટાળો આવે. પોતાનો કક્કો ખરો કરવા કરાવવાનું આરોપણ પણ થઈ શકે, પરિણામે મૂળ સાચી વસ્તુને જ નુકસાન થાય. આટલું સમજીને ''અતિથી સહુએ બચવાની જરૂર છે.''

અહીં ચર્ચિલે કહેલી વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે. એ વાત એણે પાર્લમેન્ટના સભ્યોને ઉદ્દેશીને ભલે કહી છે, પણ માણસજાતને વિષે એ લાગુ પાડી શકાય તેવી છે. એણે કહ્યું છે : ''શું કહ્યું, કોણે કહ્યું અને કેવી રીતે કહ્યું'' એનાથી જ માણસ મન ભરી દે છે. શું કહ્યું ? તે સમજવાને માટે મનમાં ખાલી જગા રાખતો નથી. આવું માનસ હોઈ બોલવા લખવામાં અતિ હોય ત્યારે તો સાંભળનાર કે વાંચનાર વ્યક્તિલક્ષી રહેવાથી ગુણગ્રાહી કે સત્યગ્રાહી બની શકતો નથી. સંભવ વધુ તો એવો છે કે તેનામાં તે વ્યક્તિ માટે પૂર્વગ્રહની ગ્રંથી બંધાઈ જાય છે. આ સ્થિતિમાં સત્યાગ્રહને તો અવકાશ જ રહેતો નથી.

નમ્રતાપૂર્વક અહીં ઉલ્લેખ કરી લઈએ કે સંતબાલજી અને ભાલ નળકાંઠા પ્રયોગ વિષે પણ આમ બનતું આવ્યું છે એવી અમારી છાપ છે. હવે જ્યારે સંતબાલજી હયાત નથી ત્યારે સહુએ સમજવાની વાત ખુદ મુનિશ્રી સંતબાલજીએ ૨૯ વર્ષ પહેલાં લખ્યું છે તેમ એ છે કે,

''ભાલ નળકાંઠા પ્રયોગ અને અનુબંધ વિચાર એ કંઈ કોઈ વ્યક્તિની કે વ્યક્તિગત ચીજ નથી. પણ સાર્વજનિક મૂડી છે, મિલ્કત કે વસ્તુ છે. વ્યવહારમાં તો વ્યક્તિનું નામ તે નિમિત્ત હોવાથી લેવાય પછી તે સંતબાલ નામ હોય કે દેવજીભાઈ કે જયંતીભાઈ નામ હોય. વ્યક્તિ આજે હોય કાલે ન હોય, એક જન જાવે દૂજા આવે, કાર્યકી જ્યોત અખંડ જલે''ની જેમ કાર્ય તો ચાલુ રહેવું જોઈએ ને ? સંતબાલજી આજે નથી જ ને ? પરંતુ એમના પ્રયોગની અનુભવ મૂડી આજે પણ છે જ, એ મૂડીને સાચવવી પોષણ કરવું અને સંવર્ધન કરવું એ ભાલ નળકાંઠા પ્રયોગના વર્તમાન કાર્યવાહકો પોતાની મતિ-શક્તિથી કરતા આવ્યા છે. પણ એ કામ તો ધરુવાડિયું સાચવવા જેવું ગણાય.

'વિશ્વવાત્સલ્ય'ના ગઈ તા. ૧લી એપ્રિલના અંકમાં અનુબંધ વિચાર સંગીતિ અને 'પ્રાસંગિક નોંધ'માં વાચકો જોઈ શકશે કે આ ધરુવાડિયું સાચવવા સાથે સુફળની પ્રાપ્તિ માટે પ્રયોગને સાર્વજનિક રૂપ આપવાની પ્રાયોગિક સંઘે પહેલ કરી છે. આ પહેલ ફળદાયી બને તે માટે સહુ મિત્રોએ દૃઢ નિર્ધાર કર્યો છે. આમ વેરવિખેર શુભ શક્તિનું સંકલન અને અનુબંધનું કામ આંતરિક રીતે થયું તે ઉત્તમ

ઘટના બની. વાચકોના પ્રતિભાવો પણ સરસ મળતા થયા છે.

હવે જાહેર જીવનની ખેવના રાખનારા મિત્રોને અમારે કહેવાનું છે કે આ પ્રયોગકાર્યોને આ બધા સળંગ સંદર્ભમાં જુએ મુલવે અને જેટલું સાચું લાગે તેમાં સાથ સહકાર તો આપે જ, પણ આ પ્રયોગ પોતાનો પણ છે એવી ભાવાત્મક સંવેદનશીલતા સક્રિય રીતે પ્રયોગમાં ભળે.

અહિંસાનાં મૂળને જીવતાં રાખવામાં પોતાનો પણ નમ્ર ફાળો આપીને કસોટીમાંથી પાર ઊતરેલી વિચારધારાને જરૂરી હવા, પ્રકાશ, પાણી, ખાતર વગેરે જ્યાંથી પણ મળે તેનું સ્વાગત કરતાં પ્રયોગ ધન્ય બનશે. એવી અમારી ભાવના બોલવા લખવા કે વાંચવામાં જ ન રહેતાં ફળદાયી બને તેવી પુરુષાર્થી બનો તેવી પ્રભુ પ્રાર્થના.

વિશ્વવાત્સલ્ય : તા. ૧૬-૪-૧૯૯૩

## ૧૫ અનુભવ છે : કલ્પના કે માન્યતા નથી

મિત્રના પ્રત્યાઘાત જાણવા મળ્યા. તેમણે વિ. વા. તા. ૧૬-૧૧-૯૪ના અગ્રલેખમાં છેલ્લે જતાં લખ્યું છે તે વિષે એ જાણવા માગે છે : ‘લખ્યું છે તે તત્ત્વચર્ચા નથી, કલ્પના કે માન્યતા નથી, પણ અનુભવ છે. તો તે અનુભવના પ્રસંગો અને હકીકત લખી શકો ?”

મિત્રની જેમ આમ બીજા કેટલાકને પણ થાય ખરું. એટલે એ વિષે થોડું લખીશું.

(૧) ધોળીના કાળુ પટેલ, ખાંભડાના પિતામ્બર પટેલ, ભડિયાદના ભીખાભાઈ પટેલ અને ઓતારિયાના જગજીવન પટેલ આ ચારે ખેડૂત, બૌદ્ધિક કક્ષા સાવ સામાન્ય પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરવા માટે શ્રમ, મથામણ અને અનેક ઝંઝટોથી ભરેલ ખેતીનું વ્યવસાયિક જીવન, ગૃહસ્થી જીવનની જવાબદારીઓને પૂરી કરવા માટેની સંઘરાવૃત્તિ હોવા છતાં મુનિશ્રી સંતબાલજી જેવા સાચા સંત પુરુષનો સત્સંગ થયો. ઋષિ જેવા રવિશંકર મહારાજના પ્રમુખપદે ચાલતી જીવંત અને પ્રયોગશીલ સંસ્થાના સહવાસથી ઘડતર થયું. તેથી તેમની પ્રાથમિક જરૂરિયાતો સંતોષાયા પછી તેમનામાં રહેલી સ્વાર્થવૃત્તિ સંસ્કારાઈ. મૂઢ વ્યક્તિગત સ્વાર્થનું સ્થાન સમાજગત સ્વાર્થ સિદ્ધ કરવામાં વ્યાપક બન્યું. ગણોતધારાનો બરાબર લાભ આખા પ્રદેશને મળે તેવા સંસ્થાના આંદોલનમાં જાનનું જોખમ છે, એ સમજવા છતાં જોડાયા અને આ ચારે ખેડૂતોએ શહીદી વહોરી લીધી. ચારેનાં ખૂન થયાં.

જેમનાં ખૂન નથી થયાં, પણ જાણતા હતા કે ખૂન થવાનું જોખમ છે જ. એટલું જ નહિ ખૂન કરવાનાં કાવત્રાની જાણ થવા છતાં પલાયન થયા નથી અને શ્રમજીવી સાચા ગણોતિયા ખેડૂતોના હિતમાં છેવટ સુધી ઝઝૂમ્યા છે એવી વ્યક્તિઓ પણ જોવા જેવી છે. એ પૈકીની કેટલીક વ્યક્તિઓ આજે હયાત પણ છે.

(૨) સત્યના આગ્રહની અભિવ્યક્તિ વિચાર અને વાણી સાથે વર્તમાનમાં સક્રિય પણ થવી જોઈએ એવી મુનિશ્રીની શીખ અને સંસ્થાગત નિર્ણયના અનુસંધાનમાં સેંકડો ખેડૂતોએ પોતાની જીવાદોરીની એક માત્ર જમીન હતી તે જવાની કાયદાકીય પૂરી જોગવાઈ હતી તે જાણવા છતાં ગણોતધારા શુદ્ધિ પ્રયોગમાં કલેક્ટરને જમીન છોડવાનો સંકલ્પ લખી મોકલ્યો અને શુદ્ધિપ્રયોગરૂપી સત્યાગ્રહ કર્યો.

(૩) મુનિશ્રી અને રવિશંકર મહારાજની અપીલના જવાબમાં એક લાખ મણ ઘઉંનું બીયારણ પંદર દિવસ જેવા ટૂંકા ગાળામાં બજાર કરતાં ૨૫ ટકા ઓછા ભાવે ભાલ નળકાંઠાના સેંકડો ખેડૂતોએ બનાસકાંઠાના ખેડૂતોને સ્વૈચ્છિક રીતે પૂરું પાડ્યું.

(૪) બાર હજાર મણ ડાંગર નળકાંઠાના ખેડૂતોને બીયારણ માટે પડતર કિંમતે બજાર કરતાં અર્ધા ભાવે આપીને બે લાખ રૂપિયાનો નફો મળતો હતો તે ભાલ નળકાંઠા ખેડૂતમંડળે જતો કર્યો. એ જ રીતે સ્વૈચ્છિક સ્વીકારેલ નૈતિક ભાવ કરતાં ૨૫ ટકા ઊંચા ભાવથી વેચેલા ઘઉંનો ભાવ વધારો શ્રી રવિશંકર મહારાજની સલાહથી જવારજ ગામના ખેડૂતોએ પંચનો ફેંસલો સ્વીકારી પ્રદેશના દુષ્કાળ રાહત કામમાં વાપરવા આપવાનું સ્વીકાર્યું.

(૫) ખેતીની જમીન ટોચમર્યાદા કાયદામાં ટોચ ૫૦ ટકા ઘટાડો જમીન ફાજલ પાડવાનો સુધારો સહુ પ્રથમ એકમાત્ર ભાલ નળકાંઠા ખેડૂતમંડળે સૂચવ્યો.

(૬) ભાલ નળકાંઠા પ્રયોગમાં આજીવન સક્રિય કામ કરનાર કેટલાક કાર્યકરોએ આવકની અને મિલકતની મર્યાદાનો કરેલ સ્વીકાર.

(૭) કેટલીક વ્યક્તિઓએ આજીવન સમાજસેવામાં સમર્પિત કરેલ સ્વીકાર.

(૮) સાધુ-સંન્યાસી થઈને પરલોક સુધારી લેવાના કે અવ્યક્ત ઈશ્વરનાં દર્શન કરવાના કોડ સેવનારાઓને સ્વ-પર કલ્યાણની વ્યક્તિગત સાધના અને સમાજગત સાધનાનો સુમેળ કરતી આલોક અને પરલોક બંનેના કલ્યાણની અધ્યાત્મદૃષ્ટિ સમજાવીને ભાલ નળકાંઠા પ્રયોગમાં સ્થિરતાથી સક્રિય કાર્યરત બનાવ્યા.

(૯) પ્રસંગોપાત થતા અન્યાય પ્રતિકારના સામુદાયિક તપોમય પ્રાર્થનાના શુદ્ધિપ્રયોગરૂપી સત્યાગ્રહના યુગાનુકૂળ અભિનવ પ્રયોગની સફળતાઓના પ્રસંગો.

હકીકત બનેલા આ પ્રયોગો વ્યાપક કેમ બનતા નથી ? આવો પ્રશ્ન થવો

સ્વાભાવિક છે. આ અંગે અમારા અભિપ્રાયનું તારણ પણ અહીં આપી દઈએ.

આ કામગીરી સમાજ પરિવર્તન સાથે વ્યક્તિ પરિવર્તનની હોવાથી તેમાં પણ પ્રકારનો સંદર્ભ ખ્યાલમાં રાખવામાં આવે છે.

(૧) આત્મચેતનાના - ભાવશુદ્ધિ - હૃદયપરિવર્તન

(૨) માનસિક ચેતના - ચિત્તશુદ્ધિ-માનસ પરિવર્તન

(૩) સામાજિક ચેતના - વ્યવહારશુદ્ધિ પરિસ્થિતિ પરિવર્તન

આ ક્રમમાં શરૂઆત તો ત્રીજા પરિસ્થિતિ પરિવર્તનના ક્રમથી જ કરવી પડે છે. કોઈ વિરલ વ્યક્તિ માટે ઉપરનો ૧, ૨, ૩ ક્રમ અનુકૂળ બને એને સફળતા પણ મળે. આવી વિરલ વ્યક્તિઓને અવતારી પુરુષ કહી શકાય.

આજે અવતારી પુરુષ જેવી વ્યક્તિ નથી તો હાથ જોડી એનો અવતાર થાય તેવી પ્રાર્થના કરી બેસી રહેવું એ તો અકર્મણ્યતા જ કહેવાય. પરિસ્થિતિ પરિવર્તનના ત્રીજા ક્રમથી શરૂઆત કરી શકાય.

આ પરિસ્થિતિ પરિવર્તન માટે રાજ્યશાસન એક અગત્યનું પરિબળ છે, તેથી એ આ દિશામાં અનુકૂળ બને, અને એની રાજનીતિ એને પોષક હોય એ જરૂરી છે.

સામ્યવાદી રશિયામાં ૯૦ વર્ષ સુધી આ પ્રયોગ ચાલ્યો. પણ એ માત્ર રાજ્ય શાસનના પરિવર્તનમાં જ અટવાયેલો રહ્યો એટલે છેવટે એ પ્રયોગ નિષ્ફળ બન્યો, એવો અમારો અભિપ્રાય છે. પરિસ્થિતિ પરિવર્તન સાથે ઉપરના ત્રણે ક્રમનો વિચાર જ એમાં નહોતો. વળી રાજ્યશાસન પણ લોકશાહી ઢબનું નહિ હોવાથી વિચાર કે વાણી સ્વાતંત્ર્ય અને ખુલ્લાપણું નહોતું. ગોર્બાચોફે આ ખૂટતી વસ્તુ આપી ખરી, પણ ત્યાંની જીવનશૈલી અને સાંસ્કૃતિક પરંપરા આપણી જેમ આ બંનેથી ટેવાયેલી નહિ હોવાથી હજુ એનું થાળે પડ્યું નથી.

ભાલ નળકાંઠા પ્રયોગમાં આ બધા જ પરિવર્તન માટે જરૂરી એવાં શુભબળોનાં સંકલન અને અનુબંધની જોગવાઈ છે અને તેથી જ નાના ક્ષેત્રમાં પણ અને અલ્પ શક્તિના પ્રમાણમાં એને સફળતા મળી છે. હવે એને વ્યાપક ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે લઈ જવાનું કામ કરવાનું છે તે તો ભાલ નળકાંઠા પોતાની શક્તિ મુજબ કરે જ છે પરંતુ એ એકલપંડે થઈ શકે એવું નથી.

સમાજ પરિવર્તનનો દાવો કરનાર સહુએ આ પ્રયોગ કરીને અને એમાં જરૂરી ફેરફારો કરીને વ્યાપકક્ષેત્રે અમલ કરવાને કામ કરવું જોઈએ.

વિશ્વવાત્સલ્ય : તા. ૧-૧૨-૧૯૯૮

---

# ૧૬ સમાનતાનો આદર્શ અને વ્યવહાર

ગામના સમજણા ખેડૂત આગેવાન કે જે ભાલ નળકાંઠા પ્રયોગ પ્રવૃત્તિના સમર્થક અને શુભેચ્છક છે તેમણે સીધો પ્રશ્ન કર્યો :

"અંબુભાઈ, ખોટું નહિ લગાડતા અને બંધ બેસતી પાઘડી પણ પહેરી ન લેશો. પણ તમારી જેમ સમાનતાની વાત કરનારા કાર્યકરોનો મોટો ભાગ જે ખાય છે, પહેરે છે, અને જે રીતે સગવડો ભોગવે છે તેની સાથે પેલી સમાનતાની વાતોનો કોઈ મેળ બેસતો હોય તેમ મારા જેવાને તો લાગતું નથી. તો આ સમાનતાની વાતો એ દંભ નથી ?"

"તમારો પ્રશ્ન હકીકત સમજવા માટે છે અને એની પાછળ જાણવાની જિજ્ઞાસા છે. સામાજિક પરિવર્તનનું અને રચનાનું કામ કરનારાઓ ઉપર આક્ષેપો થાય તોયે કામ કરનારાએ ખોટું નહિ લગાડતાં જો ખોટો આક્ષેપ હોય તો આક્ષેપ કરનારને શક્ય તે હકીકતથી સમજાવવું જોઈએ અને આક્ષેપમાં તથ્ય હોય તો સ્વીકાર કરીને સુધારવાની પૂરી તૈયારી રાખવી જોઈએ. આવી સહિષ્ણુતા, ઉદારતા, અને ધીરજ ન હોય તો સમાજ પરિવર્તનનું કામ થઈજ ન શકે. કારણ કે સમાજ તો વ્યક્તિઓનો બનેલો છે. અને સહુ પ્રથમ વ્યક્તિએ પોતે સુધરવું જોઈએ. આચાર વિનાનો કોરો ઉપદેશ કાયમી અસર નથી કરતો. વાતો કરનારનું વર્તન વાત કરી હોય તેનાથી, વિરોધી હોય તો તે નર્યો દંભજ ગણાય. તમારા સીધા પ્રશ્નોનો સીધો જવાબ પ્રથમ આપું કે દેખીતી અસમાનતા બધાને માટે દંભ છે એમ કહેવું સાચું નથી. કોઈક દંભ પણ કરતું હશે એ માન્ય. પરંતુ તમે દંભ માનો છો એની હકીકત કહો તો વધુ સમજાય." અમે લંબાણથી કહ્યું.

"જુઓને, ગરીબોને છાસનું ટીપું ય મળતું નથી ને સેવા કરનારા કાર્યકરો પોતે કેટલું બધું દૂધ પીએ છે ? એવું તો ઘણી બધી બાબતમાં કહી શકાય એવું છે." ખેડૂત આગેવાનના કહેવા પાછળ અભિપ્રેત જે હકીકત હતી તે તરત સમજાઈ. બંધ બેસતી પાઘડી જ હતી પણ એમનો પ્રશ્ન, અને હકીકત સમજવાની વાત અંગત નહોતી એટલે પછી વાર્તાલાપનું સ્વરૂપ પણ અંગત નહિ રાખતાં સાર્વજનિક રહે એ રીતે વાતો ચલાવી.

પેલી જાણીતી કહેવત છે "કીડીને કણ અને હાથીને મણ" એમાં દેખીતી અસમાનતા એ અસમાનતા નથી. પણ સમાનતા જ છે. એ વાત પ્રથમ સમજી લઈએ. કીડીને ભૂખ સંતોષવા કણ જ જોઈએ છે. જ્યારે હાથીની જરૂરિયાત જ મણની છે. માટે એને મણ આપવું જ પડે બંનેની કુદરતી પ્રાથમિક જરૂરિયાતના જથ્થામાં જ અસમાનતા છે. જરૂરિયાત પૂરી પાડવી જીવન જીવવા માટે અનિવાર્ય હોવાથી દેખીતા અસમાન જથ્થાની પાછળ અવ્યક્ત કુદરતી સમાનતા જ રહેલી છે.

કીડીનું અને હાથીનું કદ તેમજ તેમના દેહની રચનામાં અસમાનતા છે પણ માણસ જાતનું એવું નથી. કીડી અને હાથી વચ્ચે રહેલી અસમાનતા કુદરતી છે.

પરંતુ માણસજાતની રચના અને કદમાં એવી અસમાનતા નથી. છતાં માનવજાત અસમાન જીવન જીવે છે તેમાં ઉછેર, વાતાવરણ, જીવનની શૈલી અને માનવસમાજની રચનાના નિયમો અને તંત્ર વ્યવસ્થામાં ભિન્નતા હોવાથી જીવન-જરૂરિયાતમાં પણ ભિન્નતા અને અસમાનતા પેદા થાય છે. જેમકે, એક માણસને મળેલ જન્મ ઉછેર વ્યવસાય અને વાતાવરણ એવી ટેવ આદતને ઘડે છે અને એને ૫૦૦ ગ્રામ કે કદાચ લીટર દૂધ જોઈએ છે. એ જ રીતે પોશાક, રહેવાનું ઘર અને ઇતર સગવડોની બાબત તો બીજી તરફ બીજા એક માણસને ભિન્ન પરિસ્થિતિને કારણે છાસનું ટીપું કે ધરાઈને ખાવા ધાન પણ મળતું નથી. રોટલો અને મરચાંની ચટણીથી પણ તે ચલાવી શકે છે.

આમાં વધારે જોઈએ છે તે દુષ્ટ શોષણખોર કે અન્યાયી છે અને ઓછાથી જીવવા ટેવાયેલો ગરીબ માણસ સંયમી કે જ્ઞાની કે સાધુ સંત છે એવું નથી. બંનેની વૃત્તિઓમાં સારપ કે ખરાબી જે હશે તે હશેજ. એમને જે મળે છે, અને એ જે ભોગવે છે તે તો પરિસ્થિતિને કારણે છે.

બીજી પણ એક અસમાનતા નજરમાં આવવી જોઈએ.

સ્થૂળ આર્થિક દષ્ટિએ ભંગી કે આદિવાસી પરિવાર બ્રાહ્મણ-વાણિયાના પરિવારની સમકક્ષ કે વધુ આગળ હોય અને છતાં સામાજિક દરજ્જામાં તો આ ભંગી-આદિવાસી બ્રાહ્મણ-વાણિયા કરતાં પાછળ, પછાત જ ગણવામાં આવે છે. મામલતદાર કે ડેપ્યુટી કલેક્ટર કક્ષાના અધિકારી ભંગી હરિજન હોવાના એક માત્ર કારણે તેમને કહેવાતા ઉજળિયાતના મહોલ્લામાં રહેવા મકાન નહીં મળવાના દાખલા જાણવા મળે છે. એટલે સમાનતા બંને પ્રકારે થવી જોઈએ :


૧. આર્થિક ૨. માનસિક-સામાજિક.

આર્થિક સમાનતા બહારની પરિસ્થિતિને સમાજ રચનાના નિયમોમાં રહેલી ખામીને કારણે છે. તે પરિસ્થિતિ પરિવર્તનથી દૂર કરી શકાય, આ પરિસ્થિતિ પરિવર્તન સમય માગી લે તેવું કામ છે. ઝટઝટ થઈ શકે તેવું નથી, એ કામ કરવામાં જે લોકો જીવન સમર્પિત કરે તેમનો ઉછેર, રહનસહન અને ટેવો એવાં ઊંચા જીવન ધોરણનાં હોઈ શકે કે દેખીતી રીતે તો તે અસમાનતામાં જ ખપે. આવી અસમાનતા પાછળ જો સંવેદનશીલતા અને વૃત્તિ સાફ હોવાનું પ્રતીત થાય તો તે અસમાનતાને ઉદારતા અને સહિષ્ણુતાથી નિભાવી લેવી રહી. અલબત્ત, આવી અસમાનતાનું પ્રમાણ વધુ ન જ હોવું જોઈએ. આવક અને વધુ આવક વચ્ચે ૧:૧૦નું પ્રમાણ રાખવાની હિમાયત દેશના કેટલાક ચિંતકોએ કરી છે, તેને અમારું સમર્થન છે. એકની આવકવાળાની આવક એટલી તો હોવી જ જોઈએ કે તેમાંથી એની પ્રાથમિક જીવનજરૂરિયાતો પૂરી મળી રહે.

અને બીજી તરફ આર્થિક સમાનતા માટેના સમાજ પરિવર્તનના કામ સાથે માનસ પરિવર્તનનું - વ્યાપક લોકકેળવણીનું કામ પણ ચાલુ રહેવું જોઈએ જેથી માનસિક અસમાનતા પણ પ્રમાણમાં ઓછી થાય.

વિશ્વવાત્સલ્ય : તા. ૧૬-૧૨-૧૯૯૪

---



મુનિશ્રી સંતબાલજી મહારાજ

વિશ્વ વાત્સલ્ય

ૐ મૈયા